સુવિચાર
વ્યકિત ધારે તો સમયનો સંપૂર્ણ ઉપયોગ કરી પોતાની પ્રગતિ સાધી શકે છે. સમયની કિંમત સમજો અને 'અમૂલ્ય સમયને વેડફી ન નાખો.'
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૧૦/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિઘ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ આસો સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૫૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૦-૧૦-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
પ્રોસ્ટેટ
Prostate Cancer
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## બાયપાસ માર્ગ ઉપર તુલસી પાર્ટી પ્લોટ ખાતે રાત પડે ને દિ'ઉગે છે

# અમરેલીમાં "થનગનાટ" રાસ રમઝટમાં ખેલૈયાઓ ધરતી ધ્રુજાવે છે

**યુવા અગ્રણી ડેનીભાઈ રામાણી અને ચંદુભાઈ રામાણીનાં નેતૃત્વમાં રાસગરબાનું જબરદસ્ત આયોજન**

**યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયા પણ રાસ-ગરબા નિહાળવા દોડી ગયા**

**ખેલૈયાઓની સુરક્ષા માટે જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી**

**ખેલૈયાઓને દરરોજ પ્રોત્સાહક ઈનામનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે**









અમરેલી, તા. ૫

અમરેલીમાં આવેલ તુલસી પાર્ટી પ્લોટ ખાતે સરદાર પટેલ ગૃપ અને સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા આયોજીત થનગનાટ રાસ રમઝટનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ખેલૈયાઓ અને ગરબા પ્રેમીઓનો મહેરામણ ઉમટી પડયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ગરબા નિહાળ્યા હતા. આ આયોજન ડેનીભાઈ રામાણી અને ચંદુભાઈ રામાણી દ્વારા કરવામાં આવે છે તેમજ આ પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ માટે તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. જેમ કે મેડિકલ સ્ટાફ, ડોકટર, ફાયર સેફટી, ડીજેના સથવારે ખેલૈયાઓને રમવા માટે વિશાળ ગ્રાઉન્ડ, ખાની પીણીના સ્ટોલ સહિતની સુવિધા પણ કરવામાં આવી હતી તેમજ ભવ્ય ઈનામોની પણ વણજાર રોજની ૨૪ કેટેગરીમાં ઈનામ પણ આપવામાં આવે છે.

### છેલ્લા પાંચ વર્ષથી પરેશાન હતાં

## બગસરાનાં સુડાવડ ખાતે રહેતા યુવકે માનસિક બીમારીથી ઝેરી દવા પી લીધી

અમરેલી, તા. ૫

બગસરા તાલુકાના સુડાવડ ગામે રહેતા હસમુખભાઈ નાજાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## બગસરાનાં જામકા ગામની તરૂણીનું બીમારીથી મોત થયું

અમરેલી, તા. ૫

બગસરા ગામે જામકાનો ઝાંપો તરીકે ઓળખાતા વિસ્તારમાં રહેતી સૃષ્ટી લાલજીભાઈ ધામેશા નામની ૧૭ વર્ષિય તરૂણીને છેલ્લા ત્રણેક દિવસથી શરદી/કફની બીમારી હોય. જેની સારવાર માટે ધારીના ખાનગી ડોકટરના દવાખાને લઈ જતા તેણીનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ૪ વ્યકિતઓ કારમાં પસાર થતાં હતાં

## સાવરકુંડલાનાં વીજપડીથી ઝીંઝુડા માર્ગ ઉપર કાર પલ્ટી જતાં ચાલકનું કમકમાટીભર્યુ મોત

**અન્ય ૩ વ્યકિતઓને નાની-મોટી ઈજા થઈ**

અમરેલી, તા. ૫

સાવરકુંડલા તાલુકાના વિજયાનગર ગામે રહેતા કાળુભાઈ હિરાભાઈ વીરાણી નામનાં ૪૦ વર્ષિય ખેડુત તથા વલ્લભભાઈ મિઠાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
ચિંતા - ટેન્શન
મરવાના વિચાર આવવા
માથાનો દુઃખાવો
વિચારવાયુ
જાતિય રોગો
વહેમ, શંકા
વ્યસનમુકિત :
મંદબુદ્ધિ બાળકોની સારવાર
દારૂ,બીડી, તમાકુ, ફાકી
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 9737028181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

LG BEST SHOP
બેસ્ટ શોપ એકસકલુઝિવ ઓફર
WIN LG DREAM HOME PACKAGE Every Day
51 CRORES
India ka Celebration
અન્ય આકર્ષક ઓફર
1 YEAR FREE INSURANCE
FREE GIFT
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારડેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

## નવરાત્રિમાં પ્રાચિન શેરી ગરબા રમતી બાળાઓને પ્રોત્સાહિત કરવા

# બાબરા ખાતે આજે ખાદી ભંડાર મિત્ર મંડળ દ્વારા બાળાઓને લ્હાણી વિતરણ

**સ્વ. નંદલાલભાઈ પોપટ અને સ્વ. લતાબેન પોપટની દિવ્ય પ્રેરણાથી બાળાઓને લ્હાણી વિતરણ કરાશે**

**પૂ. ઘનશ્યામદાસબાપુ તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો બાળાઓને પ્રોત્સાહિત કરશે**

**બાબરા અને અમરપરા વિસ્તારની ૩૧ પ્રાચિન શેરી ગરબીઓની બાળાઓ જોડાશે**

**ગાયકવૃંદ અને આયોજકો સહિત ૬૪૫ વ્યકિતઓને લ્હાણી વિતરણ કરવામાં આવશે**

બાબરા, તા. ૫

બાબરામાં કાલે રવિવારના રોજ સવારથી બપોર સુધી નવરાત્રીમાં પ્રાચીન શેરી ગરબી રમતી બાળાઓ તેમજ સાથી ગાયકવૃંદ અને આયોજકોને લ્હાણી કરવામાં આવશે. ખાદી ભંડાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી શહેરના જીનીંગ ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ નંદલાલભાઈ પોપટ અને સ્વર્ગસ્થ લતાબેન પોપટની દિવ્ય પ્રેરણાથી નવરાત્રીમાં બાળાઓને લ્હાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ત્યારે આવતીકાલ તા. ૬/૧૦/૨૪ ને રવિવાર ચોથા નોરતે બાબરામાં તેમજ અમરાપરા વિસ્તારમાં યોજાતી ૩૧ જેટલી પ્રાચીન શેરી ગરબીઓની ૫૪૫ જેટલી બાળાઓ ગાયક વૃંદ ૩૦ તેમજ પ્રાચીન શેરી ગરબીઓનાં આયોજક ૫૭ જેટલા મળી







કુલ ૬૪૫ જેટલા વ્યકિતઓને લ્હાણી કરવામાં આવશે.

અહીં ઉમિયાનગર ખાતે વ્રજભૂમિ નિવાસસ્થાને સવારે ૧૦ કલાકે તમામ બાળાઓનું વિધિ વિધાન સાથે પૂજન–અર્ચન કરવામાં આવશે ત્યારબાદ તમામ બાળાઓ માટે મહાપ્રસાદ અને ત્યારબાદ લ્હાણી વિતરણ કરવામાં આવશે.

તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુની પાવન ઉપસ્થિતિમાં અને તેમના દિવ્ય આશીર્વાદથી સમગ્ર કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં બાબરા શહેર અને તાલુકાના સામાજિક અને રાજકીય અગ્રણીઓ તેમજ વેપારીઓ, જીનીંગ ઉદ્યોગપતિ સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે ખાદી ભંડાર મિત્ર સર્કલ દ્વારા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### સામાજીક અગ્રણી રાજુભાઈ જેઠવા દ્વારા

## બાબરા ખાતે મેલડી મા નાં મંદિરે નવરાત્રિ મોહત્સવનું સુંદર આયોજન

**મોટી સંખ્યામાં બાળાઓ ગરબે રમે છે**

બાબરા, તા. ૫

બાબરામાં વડલીવાળી મેલડીમાં મંદિરે નવરાત્રીનું ભવ્ય આયોજન માતાજી ના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે અહીં મેલડીમાં સાનિધ્યમાં વિશાલ ગ્રાઉન્ડમાં બાબરા શહેર તેમજ આસપાસ ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦૦૦ થી વધુ નાની મોટી બાળાઓ પ્રાચીન અને અર્વાચીન રાશે રમવામાં માટે આવે છે

અહીં રાજુભાઈ જેઠવા દ્વારા માત્ર બહેનો માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે બજરંગ દલના મિત્રો તેમજ પોલીસ સ્ટાફ દ્વારા પૂરતો બંદોબસ્ત જાળ વવામાં આવી રહ્યો છે તેમજ મેડિકલ ઈમરજન્સી માટે ૧૦૮ ની ટિમ પણ અહીં સ્ટેન્ડ બાય કરવામાં આવી છે.

રાજકીયના સુપ્રસિદ્ધ ગાયક રિયાજ મીરની ટિમ દ્વારા માતાજીના ગરબા ગાવામાં આવી રહ્યા છે જેમાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાળાઓ ગરબે રમી રહી છે અહીં મહાપ્રસાદ તેમજ મહાઆરતી સહિતના કાર્યક્રમમાં બાળાઓ તેમજ ભાવિકો મોટી સંખ્યામાં જોડાય અને ધન્ય બની રહ્યા છે.

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં ગતિ જેવુ જોવા મળતુ નથી

## લ્યો બોલો : બગસરાના એસ.ટી. ડેપોમાં એસ.ટી. રૂટની પુછપરછ કચેરીનાં ફોન પાંચ દિવસથી બંધ

**મુસાફરોએ અનેક વખત મેનેજરને રજુઆત કરી છતાં પરિણામ શુન્ય**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

બગસરા એસટી ડેપોમાં પૂછપરછ ઓફિસના ડબલા ડૂલ થઈ ગયા છે. એસટી ડેપોમાં પુછપરછ ઓફિસનો ફોન છેલ્લા ચાર દિવસ થયા બંધ હાલતમાં હોવાની લોકોમાં ફરીયાદ ઉઠી છે. જેના લીધે લોકોને બસો માટે પૂછવા ક્યાં ફોન કરવો કે કોને પૂછવું? જયારે આ ફોન બંધ હોવાથી મુસાફરોને બસોના રૂટની પૂછપરછ કરવા માટે રૂબરૂ . બે બે કિલોમીટર દૂર રહેતા લોકોને પૂછવા આવવાની નોબત પડી રહી છે. ત્યારે આ ફોન છેલ્લા પાંચ દિવસ થયા બંધ હોવાના લીધે મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે આ બાબતે લોકો દ્વારા અનેક વખત રજુવાત પણ કરવામાં આવેલ છે છતાં નીંભર તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. જયારે આ બાબતે ડેપો મેનેજરને પૂછતા તેમણે જણાવ્યું કે અમે અનેક વખત રજુવાત લેખિતમાં પણ કરેલ છે. અંતે આ ફોન રિપેરિંગ કરવા આવેલ હતા પરંતુ રિપેર ના થતાં ફોનનું ડબલું બદલવા કહેવામાં આવેલ છે. ત્યારે ડેપો દ્વારા તેને તેમને લેખિતમાં કહેવામાં આવેલ છે પરંતુ લોકો ને હાલાકીનો સામનો કરવો પડી રહેલ છે જયારે જાગૃત નાગરિક એસટી તંત્રને પૂછવામાં આવેલ કે દિવાળી સુધીમાં થઈ જશે તો તહેવારોમાં અમારે રૂબરૂ પૂછવા ન આવવું પડે તેઓ એસ.ટી. તંત્રને વેદક સવાલ પૂછ્યો જયારે એક તરફ ડેપો મેનેજર દ્વારા રજુવાત કરવામાં આવે છે અને બીજી તરફ બી એસ એન એલ ના અધિકારીઓ રીપેરીંગ કરવા આવવામાં નિરાંત રાખી છે ત્યારે આ બંને તંત્રની વચ્ચે લોકો પિશાય રહેલ છે. જેથી લોકોને પડતી હાલાકી ક્યારે પૂરી થશે કે ક્યારે ફોન ચાલુ થશે આવું તો અનેકવાર આ ડબલું બંધ કરી નાખવામાં આવે છે ક્યારેક તો છેડા પણ કાઢી નાખવામાં આવે છે અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી પરિસ્થિતિ જોવા મળી છે તેવા અનેક પ્રકારના સવાલો ઊભા થઈ રહેલ છે. અને જો એસટી ડેપો દ્વારા જો આ ફોન રિપેરિંગ ના થાય એમ હોય તો અમો ઉપર સુધી અરજી કરી રજુવાત કરીએ કે તાકીદે આ ફોન ચાલુ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## દામનગરમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર સ્પીડ બ્રેકર લગાવવા માંગ

દામનગર, તા. ૫

વિકાસના પંથે આગળ વધતા દામનગર શહેરમાં વિવિધ માર્ગો પર, અકસ્માતો ઘટાડવા સ્પીડ બ્રેકરો બનાવવા જરૂરી છે. સ્વસ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, એવી જ રીતે જાહેર માર્ગો પર સર્જાતા અકસ્માતો ઘટાડવા ગતી નિયંત્રણ માટે સ્પીડ બ્રેકરો (બંપ) બનાવવા જરૂરી હોય છે. દામનગર શહેરમાં ભલે સરકાર તરફથી મળતી વિવિધ યોજનાઓ અંતર્ગત વિકાસના કામો માટે ગ્રાન્ટ મળતી હોય, પરંતુ કહેવાય ને કે માળખું મજબૂત ન હોય તો સમસ્યાઓ આવે તો લોકોની સુરક્ષાનો પ્રશ્ન ઊભો થાય..!! દામનગર નગરપાલિકા વિસ્તારમાં અનેક વિધ



લોકોની સુખાકારી માટે વિકાસના કાર્યો પ્રગતિમાં છે, પરંતુ અહીંથી પસાર થતા જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગ હેઠળના માર્ગો પર આવતા વિસ્તારોમાં કન્યાશાળા – પોલીસ સ્ટેશન ચાર રસ્તા પર, નવા બસ સ્ટેન્ડની બહાર ઢાળ ઊતરતા ભાગમાં, પુલની બંને બાજુ, રાભડા રોડ ચોકડી, ગાયત્રી મંદિર પાસે ચોકડી પર, માર્કેટિંગ યાર્ડ પાસે, ભુરખીયા–ઢસા ચોકડી, પેટ્રોલ પમ્પ પાસેના મુખ્ય માર્ગો પર સ્પીડ બ્રેકરો બનાવવાની તાતી જરૂરિયાત હોય, તંત્ર તાકીદે આ માંગ પૂરી કરે એવી માંગ ઉઠી છે.

## લીલીયામોટા : સરકારી કોલેજ ખાતે સેનિટરી પેડ મશીનનો પ્રારંભ



લીલીયા, તા. ૫

લીલીયા સરકારી વિનયન અને વાણિજય કોલેજ, પ્રિન્સિપાલ ડો રાજેન્દ્રસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને અને પોલીસ ઈન્સ્પેકટરના હસ્તે સેનિટરી પેડ મશીન અને ઈસીનેરેટર મશીનનું ઉદઘાટન કરવામાં આવ્યું. પી.આઈ. ગીડા અને પ્રિન્સિપાલ મશીનનું ઉદઘાટન કરીને કાલેજની વિદ્યાર્થીનીઓને આ લાભપ્રદ સેવાનો યોગ્ય ઉપયોગ કરવાની પ્રેરણા આપી. તેમણે કેમ્પસમાં સ્વચ્છતા અને મહિલા આરોગ્યની જાગૃતિ માટે આવા આયોજનોની જરૂરિયાત પર ભાર મૂકયો. આ પ્રસંગે કોલેજની વિદ્યાર્થીનીઓ માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મશીન કેવી રીતે ચલાવવું તે માટેની વિગતવાર સમજૂતિ અને પ્રદર્શન કરાયું. મશીનના સંચાલનની સંપૂર્ણ માહિતી, મશીનના વિવિધ ફંકશન્સ અને સાવધાનીના બાબતોની સમજણ લીલીયાના પી.આઈ. ગીડા મેડમ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સક્રિય સહભાગી બની તમામ CWDC ના સભ્યોને ભાગ લીધો હતો. જે CWDC ના ભૂમિબેન વાળા, રિદ્ધિબેન તળાવિયા , માનસીબેન ગજેરાએ તથા સમગ્ર કાલેજ પરિવાર ટીમ લીલીયા એ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

### વન્યજીવ અને પ્રકૃતિના સંરક્ષણ માટે આહ્વાન

## ધારી : આંબરડી સફારી પાર્ક ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણી

**ચિત્રકાર સુરેશભાઈ નાકરાણીના 'વન્યજીવ' પરના ચિત્રોનું ચિત્ર પ્રદર્શન યોજાયું**

અમરેલી, તા. ૦૫

સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યટન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાં ચાલુ સપ્તાહ એટલે કે વન્યજીવ સપ્તાહ ૨૦૨૪ની ઉજવણી શરૂ છે.

અમરેલી ગીર એ એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે. ગીરની એક આગવી ઓળખ એટલે એશિયાઈ સિંહનો આ વિસ્તારમાં વસવાટ હવે, સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃત્તિ વધતા અને સિંહોને આપવામાં આવતા સંરક્ષણને કારણે સિંહોની વસતીમાં ઉત્તરોતર વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં સિંહની વસતી વધીને ૬૭૪ થઈ છે.


અમરેલીના ધારી આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણ કેન્દ્ર છે. ગીર પૂર્વ વન વિભાગ હેઠળની પ્રવાસન રેન્જ છે. નાયબ વન સંરક્ષક રાજદીપ ઝાલાના માર્ગદર્શન હેઠળ વન્યપ્રાણી સપ્તાહ–૨૦૨૪ની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગરૂપે ધારી આંબરડી સફારી પાર્ક ખાતે પ્રકૃતિપ્રેમી ચિત્રકાર સુરેશભાઈ નાકરાણીના 'વન્યજીવ' પરના વિવિધ ચિત્રોનું ચિત્રપ્રદર્શન યોજાયું હતું. આ ચિત્ર પ્રદર્શન બે દિવસ સુધી ખુલ્લુ રહેશે. જિલ્લાની વિવિધ શાળા – કોલેજના



વિદ્યાર્થીઓએ ચિત્ર પ્રદર્શન નિહાળ્યું હતું. એક અંદાજ મુજબ આ ચિત્ર પ્રદર્શનને ૧ હજારથી વધુ લોકો નિહાળશે. ચિત્ર પ્રદર્શન થકી વન્યજીવ અને પ્રકૃતિના સંરક્ષણ માટે આહ્વાન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ૩૮૦ હેકટર વિસ્તારમાં વિકસિત થયેલ આ સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. વર્ષ ૨૦૨૩ ૨૦૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. ધારી આંબરડી સફારી પાર્ક ખાતે રિસેપ્શન ડેસ્ક, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ, વોટર અને સેનિટેશન સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. ફેરો સિમેન્ટથી બનેલ એશિયાનું વિશાળ એશિયાટિક સિંહનું પ્રાઈડ, બ્રોન્ઝ લાયન, મેટલ સિંહ, હરણ સહિતના સ્કલ્પચર અને એમ્ફી થિયેટર સહિતના આકર્ષણો પ્રવાસીઓને આકર્ષે છે. આવો, સે પ્રકૃતિના સાચા સંરક્ષક બનીને વન્યજીવ સપ્તાહ ૨૦૨૪ની ઉજવણીમાં ભાગીદાર બનીએ.

## સાવરકુંડલા : બ્રહ્મસેનાનો શક્તિ નવરાત્રિ મહોત્સવ ભકિત અને સમાજસેવાનું અદ્‌ભૂત સંગમ



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા બ્રહ્મસમાજમાં બ્રહ્મસેના દ્વારા આયોજિત શક્તિ નવરાત્રિ મહોત્સવમાં ભક્તિના ધામધૂમ સાથે સાંસ્કૃતિક રંગો છવાઈ ગયા છે. છેલ્લા ૧૩ વર્ષથી સતત આયોજિત આ મહોત્સવમાં આ વર્ષે પણ બ્રહ્મબંધુઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

નવરાત્રિના પ્રથમ દિવસે આ મહોત્સવ મુખ્ય દાતા દુષ્યંતભાઈ મનોજભાઈ ત્રિવેદી (એડવોકેટ) પરિવાર સાથે માતાજીની આરતી–પૂજા કરીને મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. દરરોજ સાંજે ભૂદેવ દ્વારા વિશેષ પૂજા અને આરતી સાથે માતાજીના રાસ ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મહોત્સવમાં દાતાઓ, આગેવાનો અને તમામ બ્રહ્મબંધુઓ માતાજીના ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માતાજીની આરાધના અને ઉપાસના કરી રહ્યા છે.

આ ઉત્સવ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સમાજલક્ષી કાર્યો માટે પણ પ્રેરણાદાયી બની રહ્યો છે. બ્રહ્મસેના દ્વારા વર્ષ દરમિયાન અનેક સમાજલક્ષી કાર્યો હાથ ધરવામાં આવે છે. આ કાર્યને સફળ બનાવવામાં યુવાનો અને વડીલો બંને સમાન રીતે જોડાઈ રહ્યા છે.

બ્રહ્મસેના સાવરકુંડલાના પ્રમુખ કિરીટભાઈ મહેતા, માર્ગદર્શક ચિરાગભાઈ આચાર્ય અને પ્રોજેકટ કન્વીનર વિાસભાઈ દવે તથા ઉપપ્રમુખ પુનીતભાઈ જોષી, મંત્રી મનીષભાઈ દવે તથા સમગ્ર ટીમને આ ઉત્સવને સફળ બનાવવા માટેની જહેમત બદલ વડીલો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## પાલિકાનાં ૨ કર્મચારીઓ જનપ્રતિનિધિઓને પણ ગણકારતા નથી

# ચલાલામાં વહીવટદારનાં શાસનથી શહેરીજનો તોબા... તોબા

**વોર્ડ–૪નાં રહેવાસીઓ સાથે કિન્નાખોરીપૂર્વકનું વર્તન થતું હોવાથી નારાજગીનો માહોલ**

**પાલિકાનાં પૂર્વ પ્રમુખનાં પતિ જ ૨ અધિકારી વિરૂધ્ધ રજૂઆત કરી રહ્યા છે**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને બદલે લોકોના સેવક માલિક બની ગયા હોય તેવું લાગે છે**

**ધારાસભ્ય અને સાંસદે દરમિયાનગીરી કરીને શહેરીજનોની પરેશાની દૂર કરવી જરૂરી**

ચલાલા, તા. ૫

ચલાલા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના વોર્ડ નં. ૪મા આવેલ જુદા જુદા વિસ્તારોમાં રાગદ્વેશ કિન્નાખોરી રાખી ઓરમાયુ વર્તન રાખી આ વિસ્તારના લોકોને પ્રાથમિક સુવિધાથી વંચીત રાખવામાં આવતા આ વિસ્તારના રહીશોમાં નગરપાલીકા તંત્ર સામે ભારે રોષ ભભુકી ઉઠયો છે.

ચલાલા શહેરમાં ઘણા ટાઈમથી વોર્ડ નં. ૧ થી ૬ના જુદા જુદા વિસ્તારોમાં ભુર્ગભગટર ચોકપ થવાના કારણે દુર્ગંધયુકત ગંદુ પાણી રોડ પર વહેતુ થવા લાગ્યુ હતું. તેથી લોકો માટે આરોગ્યનો ખતરો ઉભો થવા પામ્યો હતો. તેથી અમૂક પુર્વ સદસ્યઓએ ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજુઆત કરચતા ધારાસભ્યએ તાત્કાલીક નગર નિયામક ભાવનગર અને સરકારમાં રજુઆત કરતા તેમની રજુઆતના ફળ સ્વરૂપે નગર નિયામક ભાવનગરે તાત્કાલીક ધોરણે તા. ૧૧/૯ના ભાવનગરથી હેવી જેંટીગ પ્રેસર મશીન ડ્રાઈવર સ્ટાફ સાથે ચોકપ થયેલ ભુર્ગભગટરની સફાઈ કરવા માટે ચલાલા નગરપાલિકા હવાલે મોકલાવી દિધેલ.

ચલાલામાં હેવી જેટીંગ મશીન આવ્યા બાદ ચલાલા મશીન કયા ચલાવવુ, કયા મોકલવવુ તેનો સંપુર્ણ હવાલો અને જવાબદારી નગરપાલિકા એન્જીનયર રાહુલભાઈ ગોંસાઈ અને એસ.બી.એમ. એન્જીનયર ૠત્વિક પી. કાબરીયાને નગરપાલિકાના ચિફ ઓફિસરે આપ્યા બાદ નગરપાલિકાના વોર્ડ નં. ૧ થી ૩ અને વોર્ડ ૬માં જરૂરીયાત મુજબ બધેજ જેટીંગ મશીન વ્યવસ્થિત ચલાવી ભુર્ગભગટરની સફાઈ કરાવવામાં આવી રહી હતી. વોર્ડ નં. ૪માં પણ અનેક વિસ્તારો જેવા કે શાંતિનગરથી ૬૬ કે.વી. સબસ્ટેશન, મહાદેવપરામાં મોહનભાઈ હુમ્મર વાળી બજાર, મનસુખભાઈ કાનાણીના ઘરથી રામજીમંદિર સુધીની બજાર, બાપા સીતારામ ઓટાથી બીપીનભાઈ કાકડીયાના ઘર સુધી, બાબરીયા શેરી, વાલ્મીકી વિસ્તાર, જુની નગરપાલિકાથી સ્મશાન સુધીનો સલ્મ વિસ્તાર સહિત અનેક જગ્યાએ ભુર્ગભગટર ચોકપ થવાના કારણે દુર્ગંધયુકત ખરાબ પાણી બજારોમાં વહી રહેવાના બનાવો વાંરવાર નગરપાલિકાના ચોપડે નોંધાય રહ્યા છે અને આ વિસ્તારના રહીશો પારાવાર તકલીફો ભોગવી રહ્યા છે.

અહી દુર્ગંધયુકત ખરાબ પાણી બજારમાં વહેતા થવાથી બાળકો સહિત લોકોનું આરોગ્ય જોખમાય રહ્યું હતું. અનેક લોકોને ડેન્ગ્યુ તાવ આવવાના બનાવો દવાખાનામાં નોંધાવવા લાગતા આ વિસ્તારના લોકોની સમસ્યા દુર કરવા માટે નગરપાલિકાના પુર્વ પ્રમુખ અને વોર્ડ નં. ૪ના પુર્વ સદસ્ય ગીતાબેન કારીયાના પતિ પ્રકાશભાઈ કારીયાએ નગરપાલિકાના એન્જિનિયરને છેલ્લા પંદર દિવસમાં અનેકવાર ટેલીફોનીક રજુઆત કરવા છતાં વોર્ડ ૪માં હેવી જેટીંગ પ્રેસર મશીન ના મોકલી વોર્ડ ૪ના લોકોની સાથે રાગદ્વેશ, કિન્નાખોરી રાખી ભંયકર અન્યાય કરી લોકોની પ્રાથમિક સમસ્યા હલ ના કરી ગુનાહિત કૃત્ય આચરતા શહેર ભાજપના વરિષ્ઠ આગેવાન પ્રકાશભાઈ કારીયાએ મ્યુનિસ્પિલ કમિશનરને આ બન્ને સામે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવા લેખીતમાં જાણ કરેલ છે અને આની જાણ ધારાસભ્ય જે.વી. કાકડીયાને પણ કરેલ છે. ભાવનગરથી આવેલ હેવી જેટીંગ પ્રેસર મશીન અહી ચલાલામાં ૨૧ દિવસ પોતાના હવાલે રાખેલ હોવા છતાં આ બન્ને એન્જીનયરે એક પણ વખત વોર્ડ નં. ૪ના ઉપર મુજબના વિસ્તારમાં જેટીંગ મશીન ના મોકલતા વોડ નં. ૪ના રહીશોમાં આ બન્ને એન્જીનયર અને નગરપાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળે છે. અંતમાં પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે કે, બન્ને કર્મચારીઓ લોકોની સમસ્યા હલ કરવાની પોતાની ફરજ બજાવવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય. મ્યુનિસિપલ કમિશનર બન્ને કર્મચારીઓ સામે કાયદાકીય કાર્યવાહી નહી કરે તો ન્યાય કોર્ટમાં જવાની તજવીજ કરવામાં આવશે.

## મુળ નડીયાદનાં વતની આરીફહુશૈન વિરૂધ્ધ કાર્યવાહી

# જાફરાબાદનાં લાઈટ હાઉસ માર્ગ ઉપર કિલનિક ધરાવતાં નકલી તબીબ ઝડપાયા

**મેડિકલ ઓફિસરે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૫

મુળ નડીયાદ ગામના વતની અને હાલ જાફરાબાદ ગામે લાઈટ હાઉસ રોડ શિતળા માતાના મંદિર પાસે રહેતા અને ડોકટર તરીકે વ્યવસાય કરતાં આરીફહુસેન ફરીદમીયા મલેક નામનાં ૪પ વર્ષિય આધેડે પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૩૬ કિંમત રૂા. ૨૨,૯૬૬ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરી પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતો હોવાની પોલીસ ફરિયાદ જાફરાબાદના મેડીકલ ઓફીસરે નોંધાવી છે.

## ૩થી વધુ ઈસમોએ કાર રોકાવીને ધમાલ મચાવી

# બગસરાનાં માવજીંજવા ગામનાં વૃધ્ધ ખેડૂતને જાતિ પ્રત્યે અપમાનિત કર્યા

**સ્થાનિક પોલીસે ૯ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૫

બગસરા તાલુકાના માવજીંજવા ગામે રહેતા નાગજીભાઈ લક્ષ્મણભાઈ જાદવ નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધ ખેડૂત તા. ૪ ના રોજ બપોરના ૩ વાગ્યે દિવ્યેશભાઈની ફોર વ્હીલમાં બેસી પોતાના ઘરે જતા હોય. તે દરમિયાન આરોપી ઘનશ્યામભાઈ નાનુભાઈ પાઘરા, બીપીનભાઈ નાનુભાઈ પાઘરા તથા વનરાજભાઈ બાવાભાઈ વાળા તથા અન્ય આરોપીઓએ એકસંપ કરી દિવ્યેશભાઈની ફોરવ્હીલ આગળ આડા ઊભા રહી આરોપીઓએ ફોર વ્હીલનો દરવાજો ખેંચી વૃધ્ધ ખેડૂતને ગાડીમાંથી બહાર કાઢી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી વૃધ્ધ ખેડૂતે અપશબ્દો બોલવાની ના પાડતા આરોપીઓએ ત્યાં નજીકમાંથી પથ્થરો હાથમાં લઈ કાર ઉપર પથ્થરમારો કરેલ હતો અને પાઈપ લઈ આવી પાઈપ વડે ફોરવ્હીલ ગાડી ઉપર ઘા મારવા લાગેલ અને ગાડીના કાચ તોડી નાખી નુકસાન કરી કારમાં અંદર રહેલ દિવ્યેશભાઈ તથા શૈલેષપરી તથા કુલદીપપરીને આરોપીઓએ ઢીકાપાટુનો મુંઢમાર મારવા લાગેલ અને જેમ ફાવે તેમ ગાળો આપી વૃધ્ધ ખેડૂત તથા અન્ય લોકોને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૯ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

## નદીઓ, તળાવોમાં પાણી છલોછલ થાય તો પણ પરેશાની

# અરેરાટી : ખાંભાના સાળવા ગામનો ૨૨ વર્ષનો યુવક માલણ નદીનાં વહેણમાં તણાઈ જતા દોડધામ

**વહીવટીતંત્રએ ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ બહાર કાઢયો**


તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા.પ

ખાંભાના સાળવા ગામે માલણ નદીનાં પાણીનાં વ્હેણમાં ન્હાવા પડેલ જયદીપ ધીરૂભાઈ સોલંકી નામના યુવકનું પાણીમાં ડુબી જવાથી કમકમાટીભર્યુ મોત નિપજેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, સાળવા ગામના કોઝવે નીચેથી પસાર થતી માલણ નદીમાં ન્હાવા પડેલ યુવક ડુબી જતાં વહીવટીતંત્રએ જેસીબીની મદદ લઈને કોઝવેને તોડીને ૨ કલાકની જહેમત બાદ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતક યુવક ૪ બહેનોનો એક જ ભાઈ હોવાથી પરિવારમાં શોકનો માહોલ થયો હતો.

ખાંભા ના સાળવા ગામે માલણ નદીના વહેણમા નહાવા પડેલા યુવાન ને પાણી નું વહેણ તાણી જતા ઘટનાની જાણ થતા મામલતદાર સ્ટાફ, પોલીસ સ્ટાફ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી ગયા હતા.

કોઝવે યુવાન ફસાતા જેસીબીની મદદ વડે કોઝવે તોડવાની કામગીરી પૂરજોરમાં ચાલુ જયદીપ ધીરૂભાઈ સોંલકી નામનો યુવાન ફસાયો કોઝવેમાં તંત્ર દ્વારા હાલમાં કોઝવે જેસીબીની મદદ થી તોડી યુવાનની ડેડબોડી બહાર કાઢવા ખાંભાના સાળવા ગામે કોઝવેમાં ૨૨ વર્ષના મૃતદેહ ને બહાર કાઢવા ૨ કલાક રેસ્ક્યુ ચાલ્યું કોઝવે તોડી ને યુવાનનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો યુવાનના મૃતદેહ ને ખાંભા ખાતે આવેલ સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડાવામાં આવ્યો ઘટના સ્થળે યુવાનનો મૃતદેહ બહાર કાઢતા પરિવાર પણ ભાંગી પડ્યો પાંચ સંતાનમાં ચાર બહેનોનો એક ના એક ભાઈના મૃત્યુ થી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતુ જયદીપ ધીરૂભાઈ સોંલકી ચાર બહેનોને એક નો એક ભાઈ હતો યુવાનની સગાઈ થઈ ગઈ હતી.


**મકાન વેચવાનું છે**
૪– બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર–પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.
ચિતલ રોડ, તપોવન પાર્ક
સંપર્ક : ૮૨૦૦૯ ૩૮૬૨૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















**પ્રકરણ : ૨૦૪- ૧૯૬૨**

**તુમ્હીહો માતા ..પિતા ..તુમ હી હો . તુમ હી હો બંધુ ..સખા ..તુમ હી**
**ચાંદ જાને કહા ..ખો ..ગયા ..તુમ કો ચહેરે સે પરદા ..હટાના .ના થા**
**કોઈ બતા દે ..દિલ હૈ ..જહાં ..ક્યૂ હોતા હૈ ..દર્દ ..વહા ..તીર ચલાકે**

**પ્રિય વાચક મિત્રો,**

દશેરા ના પાવન પર્વની આપ સર્વને હાર્દિક શુભ કામનાઓ સાથે, ૧૯૬૨ના ફિલ્મી સફરમાં સુનિલ દતની ફિલ્મોની વાત કરીશું. સુનિલ દત, ધીમે ધીમે સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે, પણ તેમની ફિલ્મો સામાજિક અને પ્રણય કથા પર આધારિત છે, અને તેમાં અભિનેત્રી અભિનયમાં આગળ નીકળી જાય છે, અહી મે ચૂપ રહુંગી માં મીના કુમારી.. જે અભિનયમાં સુનિલ દતને પાછળ છોડી દે છે. તો, વૈજયંતી માલા સાથેની ફિલ્મ ઝુલામાં પણ વૈજયંતી અગ્રેસર ભૂમિકામાં છે. તેમ છતા સુનિલ દત દર્શકોને પસંદ પડયા છે. આ સમય સુનિલ દતના અભિનયને બહાર લાવી રહ્યો છે.

**મે ચૂપ રહુંગી** – મીના કુમારીના યાદગાર અભિનય સાથે તેમને ઉજાગર કરતું ફિલ્મનું શીર્ષક અને સવેદનશીલ ફિલ્મ એટલે મે ચૂપ રહુંગી. ફિલ્મ તામિલ ફિલ્મની રિમેક છે, જેનું નામ કલાધુર કનન્મા છે, આજે હિન્દી સિનેમામાં દક્ષિણની ફિલ્મોનો દબદબો છે, જે ૧૯૫૫ના સમયથી ચાલ્યો આવે છે, દક્ષિણના અભિનેતા કરતાં અભિનેત્રીઓ વધુ સફળ થઈ રહી છે, આગળ જતાં દક્ષિણના સુપર સ્ટાર હિન્દી સિનેમામા અગ્રેસર રહશે. એ ભીમસિંગના નિર્દેશન અને, એ. વી. મયપપનના નિર્માણમાં એટલે કે એ.વી. એમના બેનરમાં સુનિલ દત, મીના કુમારી, નાના પલસીકર, માં, બબલું, મોહન ચોટી, જાગીરદાર, રાજ મેહરા, અને હેલેનથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી, પણ ટોપ ટેન સુધી પહોચી શકી ના હતી, મીના કુમારીના હૃદયસ્પર્શી અભિનયને અહી વખાણવામાં આવ્યો હતો, મીના કુમારી પોતે જ સવેદનશીલ નારી હતા, અને તેમના અંગત જીવનમાં પણ તેઓ સર્વેદનાઓ અનુભવી રહ્યા હતા, જેની વાત અગાઉ થઈ ગઈ છે, તેમના પતિ કમાલ અમરોહી તેમને તમામ ફિલ્મોના શૂટિંગમાં એક બંધન સ્વરૂપમાં રાખતા હતા, અને મીના તેનું દર્દ તેના દિલમાં સમાવી રહ્યા હતા. ફિલ્મના ગીતો રાજેન્દ્ર કૃષ્ણાએ લખ્યા છે, રાજેન્દ્ર ગીતની સાથે સંવાદ પણ લખતા હતા, તો અમુક ફિલ્મોમાં કહાની પણ તેમની રેહતી હતી. સંગીત ચિત્રગુપ્તનું હતું.




ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો નાના ગામમાં જમીનદાર જાગીરદારનું રાજ હતું, જાગીરદારના અહેસાનો માં નાનો ખેડૂત નાના પલસીકર દબાયેલો હતો, તેની પુત્રીના ઉછેર અને અભ્યાસ માટે જાગીરદાર જ મદદ કરતાં હતા. જાગીરદારનો પુત્ર સુનિલ વિલાયતથી અભ્યાસ કરી તેના વતન જવા નીકળે છે, અને નાના ની પુત્રી મીના પણ અભ્યાસ પૂર્ણ કરી તે જ ગામ અને તેજ ટ્રેન જેમાં સુનિલ મુસાફરી કરી રહ્યો છે, તેમાં મુસાફરી કરી રહી છે. સુનિલ અને મીના વચ્ચે ટ્રેનની મુલાકાત પ્રણય સુધી પહોચેછે, પણ સુનિલ તેને જમીનદારને ત્યાં નોકરી કરતો વ્યક્તિરૂપે ઓળખાણ આપે છે, કારણ કે


## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

મીના જમીનદારને દેવતા માને છે, અને અમીરી અને ગરીબીનો ભેદ જાણે છે, પણ સત્ય છૂપું રેહતું નથી, તેમ મીનાને સુનિલએ જમીનદારનો પુત્ર છે, તે જાણ થાય છે, અને તે પ્રેમ બંધનથી મુક્તિ ચાહે છે, ત્યારે સુનિલ તેની સાથે ગુપ્ત રીતે લગ્ન કરી લે છે, બન્ને તમામ મર્યાદાઓ પણ ઓળંગી જાય છે. સુનિલ તેના પિતાને લગ્ન અને પ્રેમની વાત કહે તે પેહલા તેને એક અગત્યના કામે વિદેશ જવું પડે છે, બીજી તરફ જાગીરદારને સુનિલ અને મીનાના પ્રેમ અને લગ્નની માહિતી મળે છે, તો અમીરી અને ગરીબીના ભેદભાવ રાખી તે મીનાને આ વાત કોઈને ના કેહવા કહે છે, નહીં તો તે તેનો જીવ આપી દેશે તેવી ધમકી આપે છે, મીના જે જાગીરદારના ઉપકારના ભારના લીધે તે વાત કોઈને કહશે નહીં તેવું વચન આપે છે. પણ તે ગર્ભવતી થઈ જાય છે, જાગીરદાર ત્યારે પણ મીનાને ચૂપ રેહવા કહે છે, અને તેના ગામથી દૂર મોકલી આપે છે. ત્યાં મીના એક બાળકને જન્મ આપે છે, પણ તેના પિતા મીનાને બાળક મૃત આવેલ છે તેમ કહી, તે બાઈક ને અનાથા લયમાં મૂકી દે છે. સુનિલ જયારે વિદેશથી પરત આવે છે, તો તેને મીના એક વ્યભિચારી સ્ત્રી હતી તેમ કહી દેવામાં આવે છે, પણ સુનિલ તેને ભૂલી શકતો નથી, અને મીનાને શોધવા નીકળી પડે છે, મીના તેને મળે છે, પણ સત્ય મીના વચન આપ્યા મુજબ કેહતી નથી, અને ચૂપ રહે છે. તો સુનિલ તેનો ત્યાગ કરવાનું વિચારી લે છે.

મીનાનું બાળક બબલું ધીમે ધીમે મોટો થતો જાય છે, મીના ત્યાં એક શિક્ષકની નોકરીમાં જાય છે, અને બબલું સાથે આત્મીયતા થઈ જાય છે, તેના પિતા બીમાર પડતાં તેને સત્ય કહે છે કે બબલું તેનો પુત્ર છે, બીજી તરફ સુનિલના લગ્ન જાગીરદાર લાલચી રાજની પુત્રી સાથે કરવા માંગે છે, પણ સુનિલ પણ બાળક બબલું સાથે લાગણીથી જોડાયેલ છે, રાજની લાલચની જાગીરદારને ખબર પડે છે, તે જ સમયે મીના અને સુનિલની મુલાકાત થાય છે, પણ મીના બબલું કોનો પુત્ર છે? તે કેહતી નથી, અંતે જાગીરદાર માફી માંગે છે, મીનાને પુત્ર વધુના હકે સ્વીકાર કરે છે. અને એક સંઘર્ષ મય કથા પૂરી થાય છે. ફિલ્મના ગીતો લોકપ્રિય રહ્યા હતા. લતાજી અને રફી સાહેબના સ્વરમાં રચાયેલ ગીતો આજે પણ લોકપ્રિય છે.





ઝુલા – આ ફિલ્મ પણ તામિલ ફિલ્મ કાઈરસીની રિમેક છે, ફિલ્મનું નિર્દેશન કે શંકરે કર્યુ છે, નિર્માતા એન વાસુદેવ મેનેન છે, રાજેન્દ્ર કૃષ્ણાના ગીતો અને સંવાદ અને સલિલ ચૌધરીના મધુર સંગીત સાથે, સુનિલ દત, વૈજયંતી માલા, રાજેન્દ્રનાથ, રાજ મેહરા, અચલા સચદેવ, મોહન ચોટી, લીલા મિશ્રા, ટૂન ટૂન, રણધીર, સુલોચના, મનમોહન કૃષ્ણા અને પ્રાણથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી.

બચપણમાં પરિવારથી અલગ થયેલ બાળકો, અને મુસીબતના સમયમાં વિખાઈ જતો પરિવાર, ફિલ્મના અંતમાં મળે અને સુખદ અંત આવે તેવી કહાનીની ફિલ્મો ૧૯૮૦ના દસકમાં ખૂબ ચાલી, પણ તેની શરૂઆત ૧૯૫૫ના સમયથી થઈ ગઈ હતી. અગાઉ આપણે આવી કહાનીની ફિલ્મોની વાત કરી ચૂકયા છીએ, અહી ફિલ્મનો નાયક બદમાસ કે પોલીસ ઓફિસર નથી બનતો, પણ એક ડોકટર બને છે, બદલાની ભાવનાના બદલે માફીની ભાવના સાથેની આ ફિલ્મની કથા એવી છે કે, મનમોહન એક પોલીસ મેન છે, તેની પત્ની સુલોચના અને બાળકથી ખુશીથી જીવન પસાર કરે છે, પ્રાણ એક ચોર છે, અને મનમોહન તેને પકડવા માંગે છે, પ્રાણની પત્ની અને સુલોચના એકબીજાને ઓળખે છે, પ્રાણની પત્નીને પ્રાણના કાળા કામોની ખબર નથી તેમને એક પુત્રી છે. પ્રાણ મનમોહનને એક ખોટા આરોપમાં જેલ હવાલે કરી દે છે, એની પત્ની સુલોચના નિરાધાર થઈ જાય છે, અને એક સુખી દંપતી જે બાળકના સુખથી વંચિત છે તેના સંપર્કમાં આવે છે, તે અચલા સુલોચનાના બાળકને પોતા ના બાળક સમજી પ્રેમ આપે છે, સાથે અચલા પણ એક પુત્રને જન્મ આપે છે. પણ તેને સુલોચના ના પુત્ર સાથે વધુ લગાવ છે, સુલોચના તેનો પુત્ર એક સારી રીતે ઉછેર પામે તેથી ત્યાં થી જતી રહે છે.

બીજી તરફ પ્રાણ પોલીસના હાથે પકડાઈ જાય તે પેહલા તેની પત્નીને છોડી જતો રહે છે, તેની પત્નીને સાપ દંસ મારે છે, તે તેની પુત્રી સુલોચનાને આપી દુનિયાથી વિદાય લે છે, સુલોચના તેના પુત્રના વિયોગમાં આ પુત્રીને સંતાન સમજી ઉછેર કરવાનો વિચાર કરે છે. પ્રાણ જ અસલી ચોર છે તે સાબિત થતાં, મનમોહનને પોલીસ છોડી મૂકે છે, અને નોકરી પરત આપે છે, મનમોહન તેની પત્ની અને બાળકને શોધવા તેના ઘર જાય છે, તો અમુક લોકો તેની પત્ની ચરિત્ર હિન હતી તેવું કહે છે, તેવા માં મનમોહન સુલોચનાને એક પુત્રી સાથે જોઈ જાય છે, અને તેને મળ્યા વગર તેનો ત્યાગ કરે છે. વર્ષો વીતી જાય છે. સુલોચનાનો પુત્ર સુનિલ એક ડોકટર બની જાય છે, પ્રાણની પુત્રી વૈજયંતી સુલોચનાના સહારે એક નર્સ બની જાય છે. સુનિલ અને વૈજયંતીની મુલાકાત હોસ્પિટલ અને બહાર થાય છે, જે એક પ્રણયમાં બદલે છે.

પ્રાણને મનમોહન જે એક પોલીસ ઈન્સ્પેકટર થઈ ગયો છે, તે શોધે છે, સુનિલ અને વૈજયંતીના લગ્નમાં અચલા સુલોચનાને આ પવિત્ર ગણી વિરોધ કરે છે, તેવા માં પ્રાણ વૈજયંતીની હોસ્પિટલમાં સારવાર માટે આવે છે, અને પિતા પુત્રીનું મિલન થાય છે, અંતે પ્રાણ પોતાનો ગુન્હો કબૂલ કરે છે, સુલોચના અને મનમોહનની ગેરસમજ દૂર થાય છે, મનમોહન સુલોચના અને સુનિલનું મિલન થાય છે, અને સુનિલ અને વૈજયંતી એક થાય છે. ફિલ્મની કથા દર્શકોને તે સમયે વધુ પસંદ પડી ના હતી. છતાં ફિલ્મ સફળ રહી હતી. આગામી અંક માં અજિત અને શશિ કપૂરની ફિલ્મો સાથે મળીશું. આભાર.

# શરદઋતુ અને પિત આયુર્વેદની દ્રષ્ટીએ



**શ્રી ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

આપણી આસપાસનું વાતાવરણએ કુદરતે આપેલી અનમોલ ભેટ છે. હવા, પાણી, ખોરાક, અને આબોહવા એ જીવન માટે ની પાયાની જરૂરિયાતો છે. છતાં આ આબોહવા અને વાતાવરણની કેટલાંક અંશે આપણા પર તેની અસરો થાય છે. આપણા ઋષિઓએ આ વિષે બહુજ ઉંડાણ પૂર્વક જાણતા હતા. અને આથી જ કેટલાક રિવાજો અને ઉજવણીની રીતો ને ધર્મ અને તહેવારો સાથે જોડી જેનાથી ઋતુ અને વાતાવરણની આ અસરોને આપણે શકય તેટલી ઓછી કરી શકાય.

**આયુર્વેદ એ જીવન નું વિજ્ઞાન છે.** આપણું શરીરએ મુખ્ય ત્રણ દોષોનું બનેલું છે, વાયુ, પિત્ત અને કફ.

આપણા આહાર, વિહાર, આપણે જયાં રહીયે છીએ તેનીઆબોહવા, અને ઋતુઓ આ તમામની આપણા શરીર અને આપણા દોષો ઉપર અસર પડે છે.

આયુર્વેદ પ્રમાણે 'શરદ ઋતુ' એ ગુજરાતી મહિનાના અંતિમ ૨ મહિના ભાદરવો અને આષોનો સમયગાળો માનવામાં આવે છે.

આ સમયગાળા દરમિયાન આપણા શરીરમાં પિત્તનો પ્રકોપ થતો હોય છે. જેના કારણે જ આ સમય દરમિયાન આપણા શરીરમાં પિત્તથી થનારા રોગોનું પ્રમાણ પણ વધી જાય છે. જેમકે આ ઋતુ માં તાવ, શરીરમાં ગરમીનું પ્રમાણ વધવું, ફ્લૂ જેવી બીમારીઓ, શરીર માં ચામડી ના વિકારો, મૂત્રમાર્ગ માં બળતરા કે ઈન્ફેકશન, એસીડીટી, જેવા રોગો વધુ જોવા મળે છે. આ ઉપરાંત મેલેરિયા, ફલૂ, ડેન્ગ્યુ, જેવા વિવિધ વાયરલ રોગોનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

આથી જ આયુર્વેદમાં તો આ ઋતુને રોગોની માતા ગણવામાં આવી છે.

આમ આ ઋતુમાં થતા રોગોનું મૂળ કારણ આપણા શરીરમાં ઋતુજન્ય પિત્તનો વધારો છે. આથી જો આ સમયમાં પિત્તને આપણા આહાર, વિહારથી ઓછું કરી શકીયે તો આપણે આવા રોગોથી રક્ષણ મેળ વી શકીયે છીએ.

આજ કારણે આપણા ઋષિઓએ પિત્તને ઓછું કરનાર એવા દૂધનો પ્રયોગએ ધર્મ અને તહેવારો સાથે જોડીને આપ્યો છે.

આયુર્વેદ પ્રમાણે ગાયનું દૂધમાં પિત્ત દોષને ઓછું કરવાનો ગુણ વિશેષ છે. દૂધ સ્વભાવે શીતળ, મધુર, બળને વધારનારૂ, શરીરના શ્રેષ્ઠ ધાતુ એવા ઓજને વધારનારૂ છે. આ ઉપરાંત ગાય ના દૂધને।

**પ્રવર જીવનિયાનાં ક્ષીરમુત્કં રસાયનમાં – ચરક સંહિતા**

કહ્યું છે. એટલે કે તે જીવન દાતા દ્રવ્યોમાં સર્વોત્તમ છે, અને તે રસાયણ પણ છે.

ખીર અને દૂધપૌંઆના ભાત અને પૌંઆ અને શાકર પણ સ્વભાવે શીતળ ગણ્યા છે.

આ જ ખીર અને દૂધ ઉપર પૂનમના ચંદ્રમાની ચાંદની પડવાથી પણ તેમાં પિત્તને ઓછો કરવાનો ગુણ વધે છે.વળી આ જ ખીર ને પૂનમના ચંદ્રમાંની ચાંદની નીચે બેસીને જમવાથી એ ચાંદની પણ આપણા શરીર ઉપર પડવાથી વિશેષ ગરમી ઓછી કરે છે.

આમ, ખાસ પૂનમ ના રાત્રીએ તેની ચાંદનીમાં શીતળ થયેલું આ દૂધ કે ખીર ને ચાંદની ની શીતળ તામાં બેસીને જમવાથી શરીરની ગરમી – પિત્ત ઓછું થવા થી અનેક રોગોનો ભય ઘટે છે.

આટલું જ નહિ પરંતુ આપણા ઋષિ મુનિઓએ શરદ ઋતુની શરૂઆત એટલે કે ભાદરવા મહિનામાં જ શ્રાદ્ધ માં દૂધ અને ખીરને ધાર્મિક વિધિ સાથે જોડીને આપણા મુખ્ય ખોરાકમાં લાવ્યું. ત્યાર બાદ આ જ દૂધ અને ખીરએ નવરાત્રી (માતાજીના અનુષ્ઠાન સમયમાં ) અને શરદપૂર્ણિમા રૂપે જોડી છે. આમ સંપૂર્ણ શરદ ઋતુમાં પિત્તના વધે તે હેતુથી દૂધનો ખોરાકમાં સમાવેશ કર્યો છે.

શ્રાદ્ધની ખીર હોય કે નવરાત્રીની ચાંદની રાતો કે પછી શરદપૂનમનાં દૂધ–પૌંઆ હોય...। બધી જ ધાર્મિક પરંપરાઓ કે આપણી સંસ્કૃતિમાં ઉજવાતા કોઈ પણ તહેવારો ઋતુ અનુસાર વૈજ્ઞાનિક ઢબે ગોઠવવામાં આવ્યા છે. અને ઉત્સવ સ્વરૂપે આપણી રોજિંદી જીંદગીમાં વણી લેવામાં આવ્યા છે.

વર્ષાઋતુ ચર્યા મુજબનું અનુસરણ ન કર્યું હોય તો પિત્તનો સંચય થાય છે. વરસાદની થોડી ઘણી ઠંડકના લીધે સંચિત થયેલું પિત્તએ વખતે કોઈ જ ઉપદ્રવ કરતું નથી પરંતુ વર્ષાઋતુ જતાં જ સૂર્યનો વ્યવસ્થિત તાપ લાગવાથીએ પિત્ત પોતાની પૂર્ણ શક્તિથી પ્રકોપ પામે છે અને વિવિધ પિત્તજ વિકારો કરે છે. ઉપરાંત શરદઋતુમાં રક્ત પણ ઉષ્ણતાયુક્ત હોય છે જેના કારણે રક્તદુષ્ટિ થઈને વિવિધ રક્તવિકારો પણ થાય છે. એટલા માટે શરદઋતુ ચર્યામાં રક્ત અને પિત્તને કોપાવે કે વધારે એવા




આહાર – વિહારનો ત્યાગ કરવાનો હોય છે. જેમાં તડકાનું વધુ પડતું સેવન, દિવસની ઊંઘ, ક્ષારીય કે ખારા – તીખા પદાર્થો, દહીં, વધુ પડતા તેલ મસાલા, ઉષ્ણવીર્ય દ્રવ્યો, ધુમ્રપાન, મંદિરા વગેરેનો સમાવેશ થાય છે.

એના બદલે રોજબરોજના ખોરાકમાં મધુર કે કડવા રસયુક્ત સ્વભાવે ઠંડા અને પચવામાં વધુ ભારે ન હોય એવા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ. અને રાત્રે ચંદ્રની શીતળ ચાંદનીનું સેવન કરવું જોઈએ. દૂધ મધુર, ગુણમાં ઠંડું, સુપાચ્ય,પૌષ્ટિક આહાર છે માટે જ શ્રાદ્ધપક્ષમાં ખીરનું મહત્વ છે. કાગવાસ નાખીને કાગડાને ખીર ખવડાવો કે ન ખવડાવો એ પોતપોતાની અંગત માન્યતા છે. પણ મહત્વ પોતે દરરોજ ખીર ખાવાનું છે. આપણી પ્રજા ધર્મભીરૂ છે માટે જ ઋષિમુનિઓએ દરેક વૈજ્ઞાનિક અને સ્વસ્થયોપયોગી બાબતો ધર્મ સાથે જોડી છે. એ જ કારણથી ખુલ્લા મેદાનોમાં ગરબી કે નવરાત્રી યોજવાની પરંપરા છે. જેથી વધુ સમય સુધી ચંદ્રની શીતળતાનો લાભ મળે અને વધુ પડતી ઉષ્ણતા સામે રક્ષણ મળે. શરદપૂનમમાં ખવાતા દૂધ – પૌવા પણ સાકર નાખી, ચંદ્રની ચાંદનીમાં રાખી મૂકી પછી ખાવામાં આવે છે. આ દરેક પાછળનું કારણ પિત્ત અને રક્તનો પ્રકોપ ન થવા દઈ સ્વાસ્થ્ય જાળવી રાખવું એ જ છે.

આ તો થઈ સાંસ્કૃતિક પરંપરાઓની વાત પણ સામાન્ય રીતે નવરાત્રી આવતા પહેલાજ ગૃહિણીઓ ઘરની સાફસફાઈમાં લાગી જાય છે. અને ઘરને એકદમ ચોખ્ખું – ચણાક કરી દે છે... પરંતુ તમારા શરીરની સફાઈ અંગે કયારેય વિચાર્યુ ? સરસ મજાનાં તહેવારોની મજા તમે ત્યારે જ માણી શકશો જયારે તમારૂં શરીર દોષોથી રહિત – સ્વસ્થ હશે. શરદઋતુમાં સંચિત અને પ્રદુષિત થયેલા પિત્ત તેમજ દુષિત થયેલા રક્તને લીધે વિષમજવર,મેલેરિયા, ડેન્ગ્યુ, અમ્લપિત્ત, એલર્જી, ખરજવું અને અન્ય ત્વચાના વિકારો કે પેટનાં વિકારો થાય છે આખી દુષિત કે પ્રદુષિત વધેલા દોષોને શરદઋતુમાં વિરેચન અને રક્તમોક્ષણ જેવા પંચકર્મો દ્વારા શરીરમાંથી દૂર કરવા જોઈએ.પહેલા પણ કહ્યું છે, એ મુજબ પંચકર્મો વિવિધ રોગોમાં તો ઉપયોગી છે જ પરંતુ તેનું મૂળભૂત વર્ણન સ્વાસ્થ્યનાં રક્ષણાર્થે કરવામાં આવ્યું છે. અને શરદઋતુનાં પંચકર્મો તો વિશેષ મહત્વનાં છે. કારણકે શરદઋતુને 'રોગાણા માતા' એટલે કે વિવિધ રોગોની જનની ગણવામાં આવે છે. આ સમયમાં જ રોગો થવાની શકયતા મહત્તમ હોય છે. ઉપરાંત આપણા દેશની ભેગોલિક પરિસ્થિતિ અનુસાર લગભગ બારે – માસ આપણે ભગવાન સૂર્યનારાયણના સંપર્કમાં રહીયે છીએ અને અમુક સમય દરમિયાન સૂર્ય પૃથ્વીથી ઘણો નજીક હોય છે ત્યારે સૂર્યનાં આકરા તાપને કારણે પણ પિત્ત અને રક્ત પર તેની અસર પડે છે. આથી એવું પણ માનવામાં આવે છે કે જેને શરદઋતુમાં કોઈ પણ રોગ નથી થતાં એને આખું વર્ષ સ્વસ્થતાથી પસાર થાય છે. માટે જ કોઈને આશીર્વાદ આપતી વખતે "શતં જિવેત્ શરદાં" જ કહેવામાં આવે છે અન્ય કોઈ ઋતુનું નામ નથી આવતું કારણકે જે વ્યક્તિ શરદઋતુ જીવી જાશે એ વર્ષની બાકીની ઋતુઓ પણ આરોગ્યપૂર્ણ રીતે પસાર કરશે.

આથી દરેકને અનુરોધ છે કે શરદઋતુ ચર્યાનું પાલન કરો, જરૂર પડે તો નજીકનાં આયુર્વેદ ડોકટર પાસે શરીર શુદ્ધી કરાવો અને ઋતુમાં રોજ મીઠી મધૂરી ખીર ખાઓ, પછી ચંદ્રકિરણોથી સેવાયેલા દૂધ – પેવા ખાઓ (આપણે રોજ એ જ નથી ખાતા અને ન ખાવાનું બધું જ નવરાત્રીમાં ખાઈએ છીએ ...!!!) અને સો શરદઋતુ સુધી દરેક તહેવારોની મોજ માણો...

# *નવરાત્રિની લાણી*

**દિપ્તિબેન પી. રાવળ**
**ઉપલેટા–જિ.રાજકોટ**

નવરાત્રીમાં બાળ કો રાસ રમે છે. નાની નાની બાળાઓ વચમાં માતાજીની ગરબી રાખીને ગરબે ઘૂમે છે. નાની નાની બાળાઓ કુવારકાઓ ગરબે ઘૂમે છે. માતાઓ બહેનો ગરબા લે છે. તેને છેલ્લા દિવસે લાણી કરવામાં આવે છે.

નાની બાળાઓને ફક્ત બાળાઓ માટે જ લાણી કરવામાં આવે છે. બાળ ાઓને ઈનામ આપવામાં આવે છે. બાળકોના ઘણા ઘણી ગરબી મંડળમાં રોજ લાણી કરવામાં આવે છે. અને ઘણી ગરબી મંડળમાં છેલ્લા દિવસે લાણી કરવામાં આવે છે. લાણીમાં ઈનામ વાસણ ઘર ઉપયોગી વસ્તુ વગેરે ભેટ નાની બાળાઓને આપવામાં આવે છે. જે તેને ઉપયોગી હોય છે. ભેટમાં આવતી વસ્તુઓ બાળાઓ માટે કયારેક દફતર સ્કૂલ માટે જરૂરી સ્ટેશનરી જેવી વસ્તુઓ ભેટમાં આપવામાં આવે છે. ભેટમાં આવતી વસ્તુઓ બાળ ાઓ ઘણીવાર સાચવીને રાખે છે. ઘણી દીકરીઓ સાસરે જાય ત્યારે તે વસ્તુઓ લઈ જાય છે. ઘણાના ઘરની પરિસ્થિતિ સારી નથી હોતી તો આવી દીકરીઓ જયારે સાસરે જાય ત્યારે આ લાણીની વસ્તુઓ કરિયાવરરૂપે લઈ જાય છે. ઘણી વસ્તુ ઘર ઉપયોગી તથા રસોડા માટેની હોય છે. કોઈ વાસણ, કોઈ હેલ, બેડુ બ્લેન્ડર, ડીસ, થાળી, પેટી. જેવા સ્પોન્સર હોય તેવા ઈનામો હોય છે. ઘણી દીકરીઓના ઘરની પરિસ્થિતિ સારી ન હોય કે લગ્ન વખતે વસ્તુ લઈ શકે તેમ ન હોય તેવી બાળાઓને આ વસ્તુ લાણી ઈનામ બહુ કામમાં આવે છે. અને જે તે સમયે લગ્ન વખતે બાળાઓ તેના લગ્નમાં કરિયાવરરૂપે આ વસ્તુઓ લઈ જાય છે. જેથી તેના માતા પિતાને ખર્ચો ઓછો થાય છે. ઈનામ આપવાથી બાળાઓને આ ગરબી મંડળમાંથી મને આ ઈનામ મળ્યું છે. તેવી યાદગીરી પણ રહે છે.ગરબી મંડળની યાદ રૂપે તથા પ્રોત્સાહનરૂપે બાળાઓને લાણી ઈનામ આપવાથી બળ ને પ્રોત્સાહન મળે છે. અને ગરબી મંડળ તથા સ્પોન્સરને બાળાઓના અંતરના આશીર્વાદ પણ મળે છે. જય અંબે મા જય નવદુર્ગામા...

# 'હાસ્ય ધર્મથી 'સંતાનોને આપવા જેવું તો આ છે' ની વાત કરીએ'

**ડો.મયુર દવે**
**પ્રિન્સીપાલશ્રી**
**સરસીયા હાઈસ્કુલ**
**મુ.સરસીયા,તા.ધારી**
**જિ.અમરેલી**

આપણે આપણા સંતાનોને લાખો, કરોડો રૂપિયા આપીને જઈશું એટલે તેઓ સુખી થઈ જશે એમ તમે માનો છો? તો એ આપણી ભૂલ છે. પૈસાની સાથે સાથે આપણે તેને શિષ્ત,અનુભવ, ઉતમ પર્યાવરણ અને ઉતમ સંસ્કારોરૂપી બેંક બેલેન્સ પણ આપવું જોઈશે. તો તે સુખ સંપતિને ભોગવી શકશે. આપણે કદાચ પૈસા આપી શકીશું પણ વિકાસમાં ઉત્પન્ન થતો આનંદ નહી આપી શકીએ. સિદ્ધિ પ્રાપ્ત કરવાનો, આનંદ કે ઉતમ ચારિત્ર્ય ખીલવવાનો આનંદ આપી શકો તો ઘણું ઘણું આપ્યું કહેવાશે ધીરજ, તત્પરતા, પ્રમાણિકતા અને વર્તનમાં નમ્રતા આ ગુણનો સરવાળો આપવા જેવો છે. આવી ડાહી ડાહી શિખામણરૂપી મૂડી આપવી થોડી મુશ્કેલ છે. માલ – મિલકત ભેગી કરવામાં આપણે કેટલી મહેનત કરી મહેનતથી ઊંચે ચઢયા હોઈએ છીએ, જેથી આપણે સહી સલામતી અનુભવી શકીએ છીએ. આપણે કેટલી મહેનત કરી છે ! આપણી પાસે જે આવડત છે તે અનુભવદ્વારા આવી છે અને તેને કારણે આપણે મુશ્કેલીમાં પણ અડગ રહી શકીએ છીએ. શું આ બધી મિલકત આપણે આપણા સંતાનને આપી શકીશું ? આપણી મિલકત આપણા માટે મૂલ્યવાન છે, આપણી સિદ્ધિનું પ્રતીક છે,

આપણો આનંદ છે, આપણા વિકાસ માટે પ્રેરણારૂપ છે. આપણા પુત્ર કે સંતાનો તેને કઈ રીતે જુએ છે ? સંતાનોને તો આપણી મિલકત મોજ – શોખનું સાધન બની જાય છે, ગૌરવને બદલે અભિમાનનું પ્રતીક બની જાય છે. મિલકત આપણા માટે ઊંચે ઉડયન કરવાની પાંખ છે, પણ સંતાનો માટે કદાચ એ ભારરૂપ બની જાશે. તે નવું જાણવા પ્રયાસ પણ નહી કરે તેનામાં આળસ આવી જાય એટલે એ નવું કશું જાણવા પ્રયાસ પણ નહી કરે. કારણ કે તેમને બધું જ તૈયાર મળી જાય છે. આવા સંજોગોમાં સંતાનોને પણ ચાનક ચઢાવવી જોઈએ અને ભેગી કરેલી મિલકતના દસ્તાવેજની સાથે સાથે સંસ્કાર, શિસ્ત અને આ દસ્તાવેજ લખાવવામાં કેટલો પરિશ્રમ પડયો તે કઠીનાઈઓ પણ જણાવવી જોઈએ. તું પણ સાચા દિલથી મહેનત કર જે દુનિયામાં પ્રગતિ કરવા માટે ખૂબ ઉપયોગી છે. સંતાનોને પંપાળવાની સાથે સાથે થોડી શિસ્ત, સંસ્કૃતિ આ બધી જડીબુટ્ટી સાથે સાથે મહેનતની જડીબુટ્ટી પણ આપવી. અને સમજાવવું કે મહેનત અને શિક્ષણ સિવાય કોઈ વિકલ્પ નથી. હસતા રહો, હસાવતા રહો.

# રામ જાય બન કરિ સુરકાજુ અચલ અવધપુર કરિહહિં રાજુ ।

થતાં મારો સામાન હોલમાં પોતાના રૂમ પાસેના ખૂણામાં મૂકાવ્યો. બે દિવસથી ઉપવાસ હતા. મને લગભગ બપોરે બે વાગે પૂજન માટે બોલાવી. તબિયત છેલ્લે જોયા તેનાં કરતાં ઘણી નરમ લાગી. મને પૂછયું. રસોઈકા સામાન લાઈ હો ના ? મેં હા કહી. ત્યારે આગળ કહ્યું, દેખો, યહાં લંબા સમય રહના હૈ તો અભી તુમારે પાસજ નાસ્તા હૈ ઉસસે ચલા લો. શામકો તુમારે લિયે રસોઈ ઘર બનવા દંગા. તુમ અપની રસોઈ વહાં બના લેના એર સોના યહીં પર હોલમેં મેરે કમરેકે પાસ. મે કહ્યું, ભગવાન, આપને મુઝે પત્રમેં આનેકે લિયે ના લિખી હૈ ! ? તો કહ્યું, અરે નહીં, મેં દો દિનકે બાદ અનંતપુર જા રહા હું. વહાં તુઝે બુલાઈથી. વહાંસે મેરે સાથ લે આતા. પર ખેર ! અબ તો તુમ આ ગઈ. હું ભગવાનને ધરાવવા માટે ઘરના બનાવેલા પેંડા, સુખડી તથા મગજના લાડુ લઈ ગયેલી. તે ધરાવતા કહ્યું, યહ ડિબ્બા અભી અપને પાસ રખો. દો દિન બાદ મેં બહાર જાઉંગા તબ તુમસે માંગૂંગા. બિહારના રાહત કાર્ય દરમ્યાન ભગવાને મિઠાઈ ન ખાવાને નિયમ લીધેલો તે મને હજી ખબર ન હતી. બે દિવસ બાદ જતાં જતાં સામેથી માંગી લેતા ગયા.

સાંજે પાંચ વાગે હોલની બહારની ઓસરીના એક ખૂણામાં મારા માટે તાલપત્રીથી રસોડું બંધાવવા માટે બેઠા હતા. સામે બેસીને આ કામ કરાવ્યું. કારણ જાણતા હતા કે પછી મને કોણ જવાબ દેવાનું ? સામેથી થોડો તડકો આવતો હોવાથી એક માજી વારંવાર ભગવાનને અંદર પધારવા આગ્રહ કરતાં રહ્યા. પણ જાણે કે સાંભળતા ન હતા અને કામ પૂરૂ થયા બાદ જ ત્યાંથી ઉઠયા. તે માજી દ્વારા બહુ આગ્રહ થતાં એકવાર જરા ગુસ્સાના સ્વરથી કહ્યું, તુમ્હેં ધૂપ લગતી હૈતો તુમ જાવ. મેરે લિયે જો ઈતિની દૂરસે આઈ હૈ ઉસકે લિયે કયા મેરા ઈતના ભી કર્તવ્ય નહીં કિ રસોઈ ઘર બંધવા દેં ? મારા માટે ઘાસલેટનો ડબ્બો વિગેરે કોઠારમાંથી મંગાવી આપ્યું. બીજા દિવસથી ત્યાં જ હું મારી રસોઈ કરી લેતી અને પૂજામાં ભગવાનને ભોગ લગાવી જમી લેતી આ બધા લોકોની દષ્ટિમાં હું, અમારો પરિવાર હલ્કા અને નકામા ગણાતા. કારણ અમારી આર્થિક સ્થિતિ સાધારણ હતી. જે રીતે મને કોઈ જવાબ ન આપે કે મારૂ આગમન કોઈને ન ગમે તે રીતે મારા બાપુજી સાથે પણ શરૂથી શ્રીમંત શિષ્યો દ્વારા થતું.મારો સૌથી મોટો

**રામ ભરત ગુણગણત સપ્રીતી, નિશિ દંપતિહિં પલકસમ બીતી ।**

અવગુણ ધનહીન પિતાની ધનહીન પુત્રી હતો. પરંતુ ભગવાનની સગુણ હાજરીમાં તો તેઓ પોતે ચાહે પછી બીજા શું કરી શકે ? બધું ધ્યાન પોતે જ રાખતા. તે જ દિવસોમાં આ માજીના પરિવારની કોઈ ઢીકરીની સગાઈ કયાંય ન થતી હોવાથી મારા ભાઈ માટે ભગવાન પાસે તેમનો ખૂબ આગ્રહ હતો. પરંતુ ભગવાને અમને કહેલું, ઈસ પરિવારમેં તુમ લોગોકા કામ નહીં હૈ અને અમારા તરફથી પોતે જ યોગ્ય જવાબ આપી દેતા. સમગ્ર પરિવાર પ્રત્યે ભગવાનની આ રીતે કૃપા સદાય રહી છે. પ્રણતપાલ કુટુંબ રઘુરાઈ'' ખરા ને ?

ભગવાનના આદેશ પ્રમાણે રાહતકાર્યમાં કોઈવાર પીરસવા, સાંજે છે સુધારવા, તેં કોઈવાર વોર્ડમાં થોડીવાર માટે જતી. મોટાભાગે વાન પાસે રહેતી. તેમની અંગત સેવા મળવી મુશ્કેલ હતી. પરંતુ; કોઈને પત્ર લખવાનો તો કયારેક કોઈ એકાદ વ્યક્તિનું ભોજન ઓપવા જણાવતા. નેત્રયજ્ઞ તો લગભગ પૂરો થવા આવેલો. દવાખાનું, સિવણના વર્ગ તેમ જ ભાઈઓ માટે ડ્રાઈવીંગ પાડવાનું કાર્ય પણ ચાલતું હતું. સાથે સાથે

## અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૯૪૩૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



ગૌ સેવા પણ ચાલુ થોડા દિવસો બાદ બા, બાપુજી પણ આવેલા. ગૌસેવાનું કામ ૭) સંભાળતા હતા. ૬૬ની સાલમાં મુંગેરમાં સંત સંમેલન વખતે ઘ બંધ કરાવવાના આંદોલનના પ્રસંગમાં પણ ભગવાને કહેલું, ગૌવધ બંધ કરાના ચાહતે હો તો હરેક હિંદુકો જિસકે પાસ હૈ ઉન્હે અવશ્ય ગૌ પાલન કરના હી ચાહિયે. સબકો યથાશક્તિ લાગ ભી દેના ચાહિયે. ગયા દૂધ દે યા ન દે ફિર ભી વહ અપની માતા હૈ. કયા મા વૃદ્ધ હોને પર ઉન્હે બેચ દોગે ? ભગવાન બરાબર ગૌ પાલન વિષે લક્ષ આપી યોગ્ય વ્યક્તિઓ પાસે આ કાર્ય કરાવતા રહેતા. આ સમયમાં એક વૃદ્ધ દાદા તન, મન, ધનથી પિતાની અસમર્થતા વ્યકત કરતા કહેવા લાગ્યા, ભગવાન, હું શું સેવા કરી શકું ? મને પણ કંઈ સેવા બતાવો તેમને કહ્યું, 'ખૂબ રામ રામ કરો. જિસને રામનામ લિયા ઉસને ખૂબ કામ કિયા.

સખા પરમ પરમારથ એહું,મન ક્રમ બચન રામપદ નેહૂ.

એક ગૃહસ્થ પોતાના કૌટુંબિક મિલ્કતના ભાગમાં અન્યાય થયાની વિગત ભગવાનને કહેવા લાગ્યા ત્યારે કહ્યું, હમારે હરિયાની અચ્છે રહે.

**રામસ્નેહ સરસ મન જાસૂ, સાધુસભા બડ આદર તાસૂ**
૭૪ કૃપાસિંધુ યહ અતિ ભલ કીન્હા

આ દિવસોમાં બિહારમાં દુષ્કાળ હોવાથી ભગવાન રાહત કાર્ય ચાલુ કરવા માટે બિહાર પધાર્યા. ત્યાંથી પત્ર લખાવ્યો.

શ્રી સદ્‌ગુરૂદેવ પરમાત્ને નમ :
પ્રિય રમા,
સાદર આશીર્વાદ

મેરા સ્વાસ્થ ઠીક નહીં હૈ મૈં કલ યહાં પહુંચા હૂં યહાં પર નેત્રયજ્ઞ ૨૮ સે શુરૂ હૈ રાહતકાર્ય ભી વહાં હોગા ૧૬ સે આજ મેં અમદાવાદ જા રહા હૂં ૧૫ કો યહાં આ જાઉંગા

યહાં કા પત્તા
શ્રી માનવ રાહત મંડલ બિહારે
પોસ્ટ – રંકા જી. પલામુ,
વાયા – ગઢવા રોડ બિહાર

સબકો આસીસ
રણછોડદાસ

આ પત્ર વાંચતા બિહાર જલ્દી જવાનું મન તો થયું પરંતુ મુંબઈથી મનહરભાઈના પત્ર દ્વારા જાણવા મળેલું કે ત્યાં પાણીની ઘણી કમી છે અને જરૂરી સ્વયંસેવકોને ભગવાન બોલાવે તે રીતે જવાનું છે. વળી જયપુરથી ઘણું દૂર થાય તેથી વિચાર આવ્યો કે આટલે દૂર બોલાવ્યા વિના જાઉં અને નારાજ થાય તો ? તેથી બોલાવવાની રાહ જોતી હતી. બાપુજીને કારણસર મુંબઈ જવાનું થયું તેથી ગલતાજી હું એકલી જ જતી હતી.

મેં સાંભળેલું કે સંધ્યા સમય પર ગલતાજી ગુફામાં વાઘ આવે છે તો તે સત્ય છે કે નહીં તે પણ એકવાર જોવું છે તેવી ભાવનાથી બપોરે ઘેરથી મોડી નીકળી અને સાંજે અંધારૂ થતાં સુધી ગલતાજી ગુફામાં બેસી રહેલી પરંતુ મને વાઘ દેખાયો નહીં.

અંધારૂં થતાં ઘેર આવતી હતી ત્યારે મારી પાછળ પાછળ બે છોકરાઓ પણ આવતા હતા. તેમનું અયોગ્ય વર્તન જોઈ મને એમ કે તેઓ પાછળ આવી ઘર જોઈ લેશે તેથી ગલતાજીથી સીધી ગોવિંદજીના મંદિરે દર્શને ગઈ. જયપુર રહેવા ગઈ ત્યારથી આ મંદિરનું નામ સાંભળેલું પરંતુ કદી ગયેલી નહીં. આ મંદિરની વિશેષતામાં સાંભળવા મળેલું કે ત્યાં જઈ કોઈપણ વ્યક્તિ જે કાંઈ ઈચ્છા કરે તે પૂરી થાય છે.

તે પ્રમાણે મંદિરમાં જઈ ગોંવિદજીને પ્રાર્થના કરી. એવી કૃપા કરો કે મારા ભગવાન મને પોતાની પાસે જલ્દી બોલાવે. ત્યાં આરતીનો સમય હોવાથી ઘણી ભીડ હતી. ત્યાંથી નીકળી ઝડપભેર ઘેર પહોંચી. ઘેર પહોંચતા પાછળ જોયું તો પેલા છોકરાઓ મારી પાછળ જ હતા તેથી વિચાર આવ્યો કે આ લોકોએ ઘર જેઈ લીધું તે ઠીક નથી. જો કે મારે દર ગુરૂવારે ગલતાજી જવા સિવાય ઘરની સીડી પણ ઉતરવાની રહેતી નહીં. તે દિવસે રાત્રે ઉંઘ આવી નહીં અને મનમાં એક જ ઈચ્છા હતી કે જલ્દી ભગવાન પાસે જવા મળે.

બીજા દિવસે બાપુજી મુંબઈથી આવી ગયા. અને મારે બિહાર જવાનું બાપુજીની સંમતિથી નક્કી થયું.

જયપુરથી દિલ્હી થઈને દેહરી ઓનસોનથી ગઢવા રોડ ત્રીજા દિવસે રાતનાસાડાત્રણ વાગે પહોંચી. વેઈટીંગ રૂમમાં સ્નાનાદિથી પરવારી સવારે પાંચ વાગ્યાની બસથી રંકા જવા નીકળ ી બોલાવ્યા વિના ગઈ હોવાથી નારાજગીને ડર હતો

પરંતુ બાપુજીએ કહેલું કે ભગવાનની આજ્ઞા હોય અને સગવડ હોય તો રહેજે નહીં તો દર્શન કરી આવતી રહેજે.

સવારે સાત વાગે રંકા પહોંચી. કેમ્પમાં જતા દરવાજાની સામેના જ હોલમાં પ્રાર્થના થતી હતી. ભગવાન બિરાજતા હતા. પ્રણામ કરવા જવાનો ડર લાગતો હતો. એમ થતું હતું કે ગુસ્સે થઈ પૂછશે,કયોં આઈ ?

આવા વિચારોથી પ્રણામ કરવા જતા દૂરથી જ મને જોઈ હસ્યા તેથી હિંમત આવી પ્રણામ કરતાં કહ્યું, અરે તુમ આ ગઈ ? મેરા પત્ર તુમકો નહીં મિલા લગતા હૈ.મેં ના કહી તો કહ્યું, કૈસે આઈ ? બધી વિગત જાણીને કહ્યું, બરાબર વો હી રાસ્તા હૈ. પ્રાર્થના પૂરી –(અપૂર્ણ)

# પ્રભુ હું કાંઈ ન જાણું આતમને અજવાળે લખું હરિને કાગળ છે લખવો,વાકીદનો તાર.. પ્રભુ હું કાંઈ ન જાણું...।

આપણું આ સદ્‌ભૂત જીવન... આપણે આ વિશે કશું જ જાણતા નથી. વૈજ્ઞાનિકો હજી પણ આપણા સ્થુલ શરીરનો પુરેપુરો તાગ મેળવી શકયા નથી. શરીરનાં અવયવો, મગજ લાખે કોઈ એકબીજાથી જોડાયેલા છે. સમગ્ર તંત્ર એક બીજાની સાથે જોડાયેલા છે. યોગીઓ, સુક્ષ્મ શરીરની વાતો કરે છે. પરંતુ તે આપણે જોઈ શકતા નથી. મન, શિત, આત્મા, શરીરથી જુદાં છે. ? આપણે જાણતા નથી. આ વાસ્તવિક જગત સાથે આપણે જોડાયેલા છીએ આપણા એકલાનું કોઈ અસ્તિત્વ નથી. જીવન એકબીજા સાથે જોડાયેવું છે. જેમ કે,

એક બીજાની સહાયથી સુખ હિસે ચોપાસ...
એકલ વિના ન બીન શકે વાસણું વસ્ત્ર નિવાસ..

દ્રષ્ટાંત : એક મુસાફર દુર જવા નીકળ્યો હતો. ઘોડાને તરસ લાગી હતી. સામે એક એતરમાં રહેનો અવાજ આવતો હતો. પાણી મળશે એમ માની તે તરફ ગયો. પણ નજીક આવતા ઘોડા ભડકયો. મુસાફરે ખેડૂતને રેંટ બંધ કરવા અને પાણી પાવા કહયું ...! ખેડૂતે કહયું હું પણ ઈચ્છું છું કે ઘોડાને પાણી આપું પણ રેંટ બંધ કરૂં તો મશક કુવામાંથી ખાલી આવશે. આમ એકબીજા સાથે જોડાયેલી બાબતો કેમ દુર કરી શકાય. ।

જીવનના સુંદર ઉદેશથી જોડી શકાયછે. ભાગ્યને આધારે બધી બાબતોને છોડી ન શકાય. પુરૂષાર્થ પણ કરવો પડે. પૃથ્વી ઉપર વસતા બધા જીવ, જંતુ, પ્રાણીઓમાં માનવ એક બુદ્ધિશાળી, સમજુ પ્રાણી છે. જૈને તાલીમ ક્ષિતિજો ખુબ વિસ્તરણી જાય છે. પરંતુ સમજદારી, અને પ્રેમ ન હોય તો ? સહારક શસ્ત્રો જ્ઞાનની શોધ છે. પણ તેનો ઉપયોગ વિનાશ કરી શકે. સમજદારી, વિવેક સંસ્કાર, પ્રેમ, વાણી વ્યવહાર, જ્ઞાન, દર્શન, બધા માનસિક તત્વો સાથે સુમેળ હોવો જોઈએ. આ તત્વો એક સાથે જોડવા ધર્મ– ચરિત્રનું જ્ઞાન સહાયરૂપ થાય છે.

આપણા મનમાં જે સંસ્કારના બીજ રોપાયા હોય છે. તે પ્રમાણે માણસ વર્તન કરે છે. આપણા મગજમાં જ્ઞાનનાં

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

યાદશકિતનાં, સમજદારીનાં સેન્ટરો છે. તેમાં આપણે કેવા વિચાર બીજ રોપીએ તેવા પરિણામો મળે છે. વ્યકિતની જેટલી ઉંમર નાની તેમાં આ બીજમાં આવા સુંદર ચારિત્ર્ય, સંસ્કાર, રોપવાથી માણસને સદગુણી સજજન બનાવી શકાય છે. આપણી ભારતીય સંસકૃતિ ઉદાહરણ છે. લડાઈ, ઝઘડા, દ્રેષ, થી દુર નહે છે. ઘણી સંસ્કૃતિમાં હિંસા, ક્રરતા અને દ્રેષ શીખવાડે તે પ્રજાને પણ આપણે જોઈ છે. 'સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોતું નવ સંઘરવું, 'બાળકોને માટે પ્રાર્થના છે. પરંતુ તેમં છંતા કેટલીક બાબતો સમજવા જેવી છે.

આપણા મગજમાં એક કેન્દ્ર જ્ઞાનનું છે. સમજણ અને દર્શન હૃદયથી થાય છે. પછી વિચાર દ્વારા, હાથ, પગ જીભ દ્વારા તેની અભિવ્યકિત થાય છે.

ઘણાને જ્ઞાન છે. પણ તે મુજબ વર્તતા નથી. રાવણ જ્ઞાની હતો, દુર્યોધન જ્ઞાની હતો. બધુ જાણતો હતો પણ તે નીતિ, વ્યવહાર, સમજ પ્રમાણે વર્તવું ન હતું. જ્ઞાન સામે વાણી, વર્તન જુદા પડે ત્યારે આપણે પોથીમાનાં રીંગણા કહેવતનો ઉપયોગ કરીએ છીએ. દ્રષ્ટાંતઃ એક જ્ઞાની કથાકાર એક ગામમાં ઉપદેશની ઘણી વાતો આવે તેમાં કથાકારે કહયું કે ભગવાનને નુતન વરસે ભોગ ધરાવાય પછી રીંગણા ખવાય તે પહેલા રીંગણા ન ખવાય વાત પુરી થઈ. તે પછી થોડીવારે એક બહેન રીંગણા થયેલા એટલે તાજા રીંગણા ગોર મહારાજને આપવા તેઓ પોથી પાસે જઈ રીંગણા મુકયા અને નમન કરી કથામાં બેઠા બાર વાગે કથા પુરી થઈ એટલે સૌ જવા લાગ્યા કથાકારે તાજા રીંગણા લઈ થેલીમાં મુકયા અને ચાલવાની તૈયારી કરી. કથ્થાની શરૂઆતથી સાંતાળયા આવીને કહયું 'તમે રીંગણા કેમ લઈ લીધાં ? શાક બનાવશો ? મહારાજ કહે – "હા – કેવા સરસ તાજા રીંગણા છે." બહેને કહયું તમે તો હમણા કથામાં કહેતા હતા કે દીવાળી પહેલા રીંગણા ન ખવાય ગોર મહારાજે કહયું – રીંગણા મને બહુ ભાવે છે. પોથી ઉપર મુકેલા રીંગણા ખવાય" આમ ઉપદેશ આપવો અને વ્યવહાર સાચરણમાં જ્ઞાન હોવું તે અલગ બાબત છે.

લડાઈ, ઝઘડો, હંમેશા નુકશાન કારક છે. ધર્મ વિરૂધ્ધ છે. તેમ છતાં આપણે આચરણમાં મુકતા નથી. વ્યસન મૂકિતનાં ભાષણ કર્યા પછી ઘરે– દારૂ, સીગારેટ પીતા જોવા મળે છે. સમજણ, જ્ઞાન, સંસ્કાર, નિતિ, વિચાર વચ્ચે એક રોક ભેદરેખા છે. શન એ પ્રકાશ છે. દીવો કરો અજવાળ થયું પણ જોનાર અંદા હોય તો ? દીવો શું કરશે ? નશો હશે તો તું થશે ? આ ઓ ખુલી હશે તો પ્રકાશ દેખાશે નહિ, જ્ઞાન સાથે દર્શન પણ જરૂરી છે. ખરી દ્રષ્ટિ જીવનને સાચાર માર્ગ લઈ જાય છે. **(અપૂર્ણ)**

# *નવલા નવ નિર્ધાર*

નવદુર્ગાનાં નવ નોરતામાં દુર્ગાનાં નવસ્વરૂપની પૂજા અર્ચના અને સાધના કરીએ ને સાથે જ આ શકિત ઉપાસનાનો રાજીપો આપણા પર કાયમ રહે તેવી પ્રાર્થના કરીએ. અને જગતજનની જગદંબાને રાજી રાખવા નવલા નોરતે નવલા નિર્ધાર નક્કી કરીએ. આ નવલા દિવસોના નવલા નિર્ધાર એટલે ખરા અર્થમાં શકિતનું સન્માન અને પુજા. જેમ કે, (૧) આપણી આસપાસ કોઈપણ દીકરી વિદ્યાર્થી વંચિત ન રહે તેની જવાબદારી લઈએ. (૨) દરેક સ્ત્રી કે દીકરીને તેના ગમતા કાર્યક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું મુકત વાતાવરણ મળે. (૩) આપણી આસપાસની કોઈ સ્ત્રી કે દીકરી દહેજ જેવા દુષણ માટે પીડાય નહીં. (૪) આપણી આસપાસની દરેક સ્ત્રી કે દીકરીને તેની પાંખો ખોલવાનો અવકાશ મળે. (૫) આપણી આસપાસની દરેક દીકરી કે સ્ત્રી કોઈપણ પ્રકારનાં શારીરિક કે માનસિક અત્યાચારોનો ભોગ ન બને. (૬) આપણી આસપાસની કોઈપણ દીકરી કે સ્ત્રીનું વાણી, વર્તન કે વ્યવહારથી કયારેય અપમાન ન થાય તેની કાળજી રાખીએ. (૭) આપણી આસપાસની દરેક દીકરી અને સ્ત્રી સ્વાવલંબી બને તેને પાઈ પાઈ માટે કોઈની પાસે કરગરવું ન પડે. (૮) આપણી આસપાસની દરેક સ્ત્રી કે દીકરીને દેવી બનાવી દઈ તેની પાસે તેના અસ્તિત્વનાં બલિદાનની અપેક્ષા ન રખાય પણ માણસ તરીકેનાં મૂળભૂત અધિકારો ભોગવવાની મુકતતા માટે તેને લડવું ન પડે તે સહજ ભોગવે તે નિશ્ચિત કરીએ. (૯) જે સમાજમાં સ્ત્રી હોવું એ શકિત ગણાય છે. લક્ષ્મી તરીકે તેનું પુજન થાય છે. ત્યારે એ જ સમાજમાં તેનું સ્ત્રી હોવું તેના માટે શત્રુ ન બની જાય અને દરેક સ્ત્રી કે દરેક દીકરી સલામતીના શ્વાસ ભરી શકે એવા સમાજનું ઘડતર કરીએ. આમાં આખા જગતને બદલવાની વાત નથી આપણે માત્ર આપણી આસપાસ આટલા મકકમ નિર્ણય અપનાવીશું તો પણ બદલાવ થશે દરેક વ્યકિત માત્ર પોતાની આસપાસ પણ આટલી સ્વસ્થ વિચારધારાથી જીવશે તો ઘણા ખરા અંશે પરિવર્તન આવશે જ.આમ આ નવલી નવરાત્રીમાં આ નવ મકકમ નિર્ધાર કરવામાં આવશે અને એ નિર્ધાર પછી દશેરાના દિવસે માત્ર રાવણનું પૂતળું નહી પણ હૃદયમાં બેઠેલો રાવણ પણ મળશે તો સ્ત્રી માટે ચોકકસ સમય બદલાશે અને જગતજનની જગદંબાનો ખરો રાજીપો મળશે જોકે આ એક દિવસમાં નહી થાય પણ પ્રયાસો કરવાથી એક દિવસ ચોકકસ થશે તો આ દિશામાં સૌ સાથે મળી સ્વચ્છ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ.

## અનુભૂતિના અક્ષરો



– નિધિ મહેતા "ખુશી" અમદાવાદ

# ''નકશા વિશે જ બિંદુ બનીને રહી ગયું, વીંટાંયુ'તુ એ ગામ મારા શ્વાસોશ્વાસમાં''

–મનોજ ખંડેરિયા

પોતાનું વતન કોને વહાલું ન હોય ? ! જયાં માણસ જન્મે છે, બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા માણે છે, જયાં શિક્ષણની સમજણની અને વ્યવહાર કુશળતાની નીંવ રચાય છે, જયાંથી જીવનનાં શિક્ષણનો પાયો રચાય છે. એ વતનથી જ દૂર રહેવાની વેદના કોણ ન સમજી શકે ? બાળપણની અલ્લક અવસ્થા, મિત્રો સાથેની રમતાં, ધીંગામસ્તીઓ નાદાનીમાં થયેલી સહજ ભૂલો. આ સઘળું ન માણસનું ઘડતર કરતું હોય છે ! ! અને આ ઘડતર, ભણતર અને ચણતરનો પાયો કાયમ પોતાનાં વતનમાંથી જ રચાતો હોય છે, અને એટલે જ વતનથી દૂર રહેનારો કોઈપણ માણસ પોતાનાં વતનની તમામ યાદોનો જીવનભર હદયનાં કબાટમાં સાંચવી રાખતો હોય છે ! કાયમ તેને મમળાવતો હોય છે.

પદમશ્રી શાહબુદિનભાઈ આ જ વાતને વિશેષ ઉઘાડ આપતાં કહે છે કે : 'વિદેશ પ્રવાસમાં એક વખત મેં ગુજરાતી સમાજ પાસે આપણાં દેશના ખેતરો ગામ અને પાદરની વાત માંડી ત્યાં તો લોકો ધ્રુસકે



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

## 'સમજણ એ જ નારાયણ

ધ્રુસકે રડી પડેલા હમણા જ સાતમ આઠમનાં તહેવારો ઉપર વતનમાં ઉપલેટા જવાનું થયું. વર્ષોથીએ નગરની માટીની સુંગધ અને લગાવ અકબંધ સાચવ્યો છે. એ દરેક શેરી, નાકાં, મંદિર, રોડ, રસ્તા, બસ સ્ટેશન જયાં જયાં બાળપણમાં ઉઘાડા પગે રમતા એ દરેક જગ્યાને હવે તો મોબાઈલથી હાથવગી સગવડ હોવાથી જલ્દી જલ્દી કેમેરામાં કેદ કરતો ગયો. હવે તો મૂખ્ય સમસ્યા સમયની જ હોય છે. એટલે આવા વખતે સૌથી દશા રાત થોડીને વેશ મજા જેવી જ થતી હોય છે. શું કરવું ? શું ન કરવું ? કયુ સ્થળ ફરી પાછુ જોઈ લઉ જયાં પહોંચતા એક યુગ પસાર થઈ ગયો છે. ત્યાં કેટલી વખત રોકાઈ લઉ સમયે કેટકેટલું બદલી નાખ્યું છે ?

આ તમામ અનુભવો માત્ર મને જ નહીં પોતાનાં વતનમાં જતા અને એમાં પણ લાંબા સમયે જતાં દરેકને તો થતાં જ હશે અને જો ન થતાં હોય તો તાકિક માનજો સંવેદનોની ધારતને કાટ લાગી રહ્યો છે.

બાળપણમાં જેમની પાસે ભણતાં હોઈએ તે શિક્ષક ને મળીએ ત્યારે ભગવાનને જ મળ્યાો ભાવ જાગે ! ! છતાં આટલાં વહાલા વતનથી ફરી પાછા ફરતા એક એ ભાવ પણ જાગે છે કે :

ભૂતકાળ ગમે તેટલો ભવ્ય અને રમ્ય હોય તેને અનુભવી શકાય. પણ ત્યાં પાછું ફરી કે રહી શકાતું નથી. બસ આ જ જીવન છે ! ! **અસ્તુ.**

# *આ અતિ ઉપભોગતાવાદ દુનિયાને આખરે કયાં લઈ જશે ?? કુદરતી સ્ત્રોત અખૂટ તો નથી જ. જો કે અતિઉપભોકતાવાદ એ આમ તો પશ્ચિમના દેશોની જ દેન છે*

પ્રભાગ ઉગે અને રોજ કોઈને કોઈ અવનવા ફિચર સાથે નવી પ્રોડકટ લોંચ થઈ જાય છે. અને એ જુની પ્રોડકટ એકસચેન્જ ઓફરમાં વિલિન થઈ જાય છે.।। નવા ફિચર સાથેનાં મોડેલ જેવા કે કાર, મોબાઈલ, કોમ્પ્યુટર કે અન્ય જીવનજરૂરિયાતની પ્રોડકટ ખરીદીને આપણે હખાઈએ ત્યાં સુધીમાં તો વળી પાછા નવા ફિચર સાથેની પ્રોડકટ બજારમાં આવી ચુકી હોય છે ।। ત્યારે અંગ્રેજી શબ્દ Sustainableની ધજજીઓ ઉડતી જતી જોવા મળે છે. આજે સમય પરિવર્તનશીલ છે. એટલે એ નવી પ્રોડકટનો ઉપયોગ કરવો સારો લાગતો હશે. પરંતુ ભવિષ્યની દ્રષ્ટિએ જોતાં આ પધ્ધતિ ખરેખર કુદરતી પર્યાવરણીય ક્ષેત્રે ઘણી પીડાજનક બનશે એવું નથી લાગતું ? હજુ ગઈકાલનાં સમાચાર માધ્યમોમાં આપણે જોયું કે સૌરાષ્ટ્ર અને કચ્છ હવે વરસાદ માટે ચેરાપુંજી કરતા આગળ નીકળી ગયું ।। જયાં પાણીનાં ટીપા માટે તલસતાં વિસ્તારો પાણી ।કુદરતની આ બદલાતી પર્યાવરણીય પેટર્ન કઈ તરફ ઈશારો કરે છે ? અતિ ગરમી, અતિ ઠંડી, તો અતિ વરસાદ વગેરે શેનો સંકેત કરે છે ? આપણે આ પરિસ્થિતિ દ્વારા શું શીખ્યાં ? હવે વાત કરવી છે એક મહાનુભાવની જેની જીવન પધ્ધતિ આપણને કુદરત તરફ વળવા સંદેશ આપે છે. વાત છે. આઈઆઈટી બોમ્બેનાં પ્રોફેસર ચેતનસિંહ સોલંકીની એક વખત આઈઆઈટી બોમ્બેનાં પ્રોફેસર ફાટેલા મોજાં પહેરીને દિલ્હીની ફાઈવ સ્ટાર હોટેલમાં બેઠા હતા. કોઈએ તેમનો ફોટો લીધો અને ફાટેલા મોજાં પહેરેલી તેમની તસ્વીર સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગઈ. આ તસ્વીર જોઈને લોકો આશ્વર્ય ચકિત થઈ ગયા છે. કોઈએ પુછયું કે તેમની મજબુરી શું હશે. તો કોઈએ કહયું કે ફાટેલા મોજાં પહેરીને કોઈ આટલી મોટી હોટેલમાં કેવી રીતે જઈ શકે ।। મોટાભાગે ઘણા લોકો કદાચ એ જ વિચારતા હશે, ખરૂં ને ? આનો જવાબ ખુદ પ્રોફેસર ચેતનસિંહ સોલંકીએ આપતાં જણાવ્યું હતું કે '૨૫ સપ્ટેમ્બરે ધ ઈકોનોમિક ટાઈમ્સ એનર્જી લીડરશીપ સમિટમાં હું મારૂ ભાષણ આપું તે પહેલા કોઈએ દિલ્હીનાં હયાતમાં મારો આ ફોટો લીધો હતો. હા, બધાએ મારા ફાટેલા મોજાં જોયા છે મારે તેને બદલવાની જરૂર છે. હું તેમ કરીશ અને હું કરી શકું છું. પરંતુ પ્રકૃતિ તેમ નથી કરી શકતી. પ્રકૃતિમાં બધુ મર્યાદિત છે. પ્રકૃતિ જરૂરતથી વધુ સમયથી પ્રતિષ્ઠિત સંસ્થામાં ભણાવી રહયા છે. તેઓ ભારતનાં 'સોલાર મેન' અથવા ' સોલર ગાંધી' તરીકે પણ ઓળખાય છે. પર્યાવરણને પ્રાથમિકતા આપીને તે જે કંઈ પણ ખરીદે છે તેનો પુરેપુરો ઉપયોગ કરે છે. " હું મારી ઉત્પાદકતા વધારવા માટે શાનદાર ગેજેટસનો ઉપયોગ કરી શકું છું. પરંતુ મારા કાર્બન ફુટપ્રિન્ટને ઘટાડવા માટે હું પર્યાવરણને ધ્યાનમાં રાખીને ઓછામાં ઓછી વસ્તુઓનો ઉપયોગ કરૂ છું. મોજાં બીજા આવી જશે પરંતુ પ્રકૃતિ મર્યાદિત છે. – પ્રોફેસર સોલંકી શું તમને લાગે છે કે આજના સમયમાં આપણે વધુ પડતાં ઉપભોગ અને અતિ ઉપભોકતાવાદની માયાજાળ માં ફસાઈ જઈએ છીએ અને એવી વસ્તુઓ ખરીદીએ છીએ જેની કદાચ આપણને જરૂર પણ નથી ? આ સ્થાન પર આપણી જાતને સાંકળીને આપણે કયારેય ખચકાટ વગર ફાટેલા મોજાં પહેરીને બહાર જશું ?

જો કે મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ જેવી મહાન હસ્તીઓએ પણ આ દેશનાં લોકોને ઘણું શીખવાડયું પરંતુ શીખેઈ બીજા !! કયોંકિ નયા નયા અચ્છા લગતાં હૈ.

# અમરેલી : જ્ઞાન શકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સીલેન્સમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી










અમરેલી, ૫ ઓકટોબર ૨૦૨૪ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં ''જ્ઞાન શકિત રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસીલેન્સ''માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય યોજના અંતર્ગત ઉજવણી કરવામાં આવી, જેમાં સીઈટી પરીક્ષામાં ઉચ્ચ મેરીટમાં આવેલ હોય તેમનું જ સિલેકશન આ યોજના અંતર્ગત પ્રવેશ મળવાને પાત્ર છે. જેમાં કન્યા અને કુમાર કુલ ૩૦૦ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યા વિદ્યાર્થીઓને મોઢું મીઠું પ્રસાદ આપવામાં આવ્યો. આ શાળામાં ભૌતિક સુવિધાઓમાં ભોજનશાળા, રમતગમતના મેદાનો, અધ્યતન શાળા મકાન, સ્માર્ટ વર્ગખંડો, પ્રદર્શન આર્ટ સ્ટુડીયો, અન્ય પ્રવૃતિઓ માટે સભાગૃહ, ઈન્ડોર અને આઉટડોર રમતગમતની વ્યવસ્થા, કોમ્પ્યુટર લેબ, પ્રવૃતિ કક્ષ, ભાષા પ્રયોગ શાળા, પુસ્તકાલય તેમજ વિદ્યાર્થીઓને યુનિફોર્મ સ્ટેશનરી અભ્યાસ માટે અને વપરાશ માટે અન્ય સામગ્રી વગેરે રોજીંદી જીવન જરૂરી ચીજ વસ્તુઓ નિઃશુલ્ક આપવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન એમ.જે.નાકિયા (નાયબ કલેકટર પ્રાંત ઓફિસર– અમરેલી), મુકુંદભાઈ મહેતા (એફઆરસી કમિટીના સભ્ય), મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, સુપરવાઈઝરો, સ્ટાફ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરાએ તમામ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માં સરસ્વતી અને માં આદ્યશિકતના આશીર્વાદ મળે અને વિદ્યાર્થીઓ દેશનું ભાવિ ભવિષ્ય બને તે સાથે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં સુડાવડ ખાતે

ખુમાણ નામનાં ૩૦ વર્ષિય યુવકને છેલ્લા પાંચ વર્ષથી માનસિક બીમારી હોય. આ બીમારીના કારણે તા. ૨ ના સાંજના આશરે છ વાગ્યે પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેમને પ્રથમ બગસરા સરકારી દવાખાને અને વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરેલ જયાં તેમનું અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં વીજપડીથી

પિપળીયા તથા મનોજભાઈ દેવશીભાઈ ઉનાવા સહિત ત્રણેય તા. ૪ના રોજ ૧ વાગ્યે વલ્લભભાઈની સફેદ કલરની ફોર વ્હીલ નં. જી.જે.–૦૬ ડીકયુ–૪૮૦૮ લઈને વીજપડીથી નાના ઝિઝુંડા ગામે જવા નીકળેલ અને વલ્લભભાઈ કાર ચલાવતા હતા અને કારના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ગાધકડા ગામ પાસે આવેલ ખારસા હનુમાનજી મંદિર પાસે ગાડી પલ્ટી મારી જતા ડ્રાઈવર સાઈડ ગાડી ત્રાસી થઈ જતા માથુ કારની નીચે આવી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા વલ્લભભાઈ મિઠાભાઈ પિપળીયા નામનાં ૩૮ વર્ષિય ચાલકનું મોત નિપજયું હતું તેમજ કારમાં બેઠેલા અન્ય લોકોને નાની મોટી ઈજા થયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૧૦ | ૧૩૫૦ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૮૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૮૬ | ૨૬૬૦ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૮૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૧૦ | ૩૩૧૦ |
| ૭ | બાજરો | ૪૧૧ | ૪૬૪ |
| ૮ | જુવાર | ૭૩૬ | ૮૭૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૭૭ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૮ | ૫૭૪ |
| ૧૧ | મગ | ૬૦૦ | ૧૬૧૦ |
| ૧૨ | અડદ | ૬૫૦ | ૧૮૦૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૫૭૦ |
| ૧૪ | ચોળી | ૫૦૦ | ૧૬૭૫ |
| ૧૫ | તુવેર | ૧૦૫૦ | ૧૮૨૨ |
| ૧૬ | કપાસ | ૮૨૦ | ૧૬૧૦ |
| ૧૭ | એરંડા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૮ | જીરૂ | ૨૦૦૦ | ૪૬૦૦ |
| ૧૯ | ગમ ગુવાર | ૯૩૦ | ૯૩૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૨ |
| ૨૧ | સોયાબીન | ૭૩૦ | ૮૯૦ |
| ૨૨ | રજકાનુ બી | ૪૦૧૦ | ૫૪૫૦ |
| ૨૩ | વરીયાળી | ૧૩૫૦ | ૧૩૫૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ધારી પંથકમાં ઈકો સેન્સિટિવ

કરવાની માંગણીઓ કરવામાં આવી હતી. કોંગ્રેસ સાથે સિંહોના ગઢ ગણાતા આંબરડી ગ્રામજનોએ પણ અલગથી આવેદનપત્ર પાઠવ્યું હતું. અને ઈકો સેન્સેટીવ ઝોન સામે વિરોધ કરી આવેદનપત્ર પાઠવ્યું હતું.

જયારે ગીર સોમનાથ જિલ્લામાંથી ઈકો સેન્સિટિવ ઝોનનો ઉઠેલો વિરોધ હવે ધારીમાં પહોંચ્યો છે અને ખેડૂતો, સરપંચો સાથે કોંગ્રેસે આવેદનપત્ર પાઠવીને ઈકો સેન્સિટિવ ઝોનનો કાળો કાયદો રદ નહિ થાય તો શાસ્ત્ર સાથે શસ્ત્ર ઉઠવવા પડે તો પણ પાછી પાની નહિ કરવાની ચીમકી ધારી કોંગ્રેસ પ્રમુખ રવી હીરાણીએ ઉચ્ચારી હતી.

ઈકો સેન્સિટિવ ઝોન અંગે વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાનું નિવેદન સામે આવ્યું છે અને ઈકો સેન્સિટિવ ઝોન અંગેના ગામડાઓમાં મુદ્દાઓ ધ્યાને આવ્યા છે અને વનમંત્રી મુળુભાઈ બેરા જોડે પણ આ અંગે ચર્ચાઓ થઈ છે. જયારે અમરેલી જિલ્લાની ટીમ સાથે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્રભાઈ યાદવને પણ મળવા જશું તેવું વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું.

### તાલુકા એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. ૧૪૩/૨૦૨૪

અરજદાર : શ્રી દિનેશભાઈ રામભાઈ શેખડા
સરનામું : મું. મોટામાણસા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂઘ્ધ**

સમાવાળા : જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટામાણસા
મું. મોટામાણસા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**–: નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મોટામાણસા ગામના શ્રી દિનેશભાઈ રામભાઈ શેખડાએ તેમના (૧) પિતા નામે સ્વ.શ્રી રામભાઈ નથુભાઈ શેખડાનું મરણ તા.૨૧/૦૫/૨૦૦૧ (૨) દાદી નામે સ્વ.મણીબેન નથુભાઈ શેખડાનું મરણ તા.૨૦/૦૧/૧૯૯૩ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકિલશ્રી અનીકેત એન.વાડદોરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણનોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકારાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી

આજ તા. ૦૩, માહે. ઓકટોમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

**સ્થળ : જાફરાબાદ** **સિક્કો** **તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**તારીખ : ૦૩/૧૦/૨૦૨૪** **જાફરાબાદ**

### તાલુકા એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. ૧૪૪/૨૦૨૪

અરજદાર : શ્રી બાબુભાઈ દેવરાજભાઈ શેખડા
સરનામું : મું. મોટામાણસા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂઘ્ધ**

સમાવાળા : જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટામાણસા
મું. મોટામાણસા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**–: નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મોટામાણસા ગામના શ્રી બાબુભાઈ દેવરાજભાઈ શેખડાએ તેમના (૧) પિતા નામે સ્વ.શ્રી દેવરાજભાઈ નથુભાઈ શેખડાનું મરણ તા.૧૦/૦૮/૧૯૮૪ (૨) માતા નામે સ્વ.શાંતુબેન દેવરાજભાઈ શેખડાનું મરણ તા.૦૭/૦૭/૧૯૮૭ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકિલશ્રી અનીકેત એન.વાડદોરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણનોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકારાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી

આજ તા. ૦૩, માહે. ઓકટોમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

**સ્થળ : જાફરાબાદ** **સિક્કો** **તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**તારીખ : ૦૩/૧૦/૨૦૨૪** **જાફરાબાદ**

પરશોતમભાઈ કાનજીભાઈ તલાવડીયાએ સાથે મળીને તેમની વાડીમાં ગેરકાયદેસર રીતે અફીણના/ગાંજાના છોડનું વાવેતર કરેલ હોય અને તેમાંથી થયેલ અફીણના ડોડવા તેમની માલીકીની જમીનમાં સુકવેલા હોય. આ કામે પોલીસે રેઈડ દરમિયાન ૩૮,૫૪૦ અફીણના છોડવાઓ કે જેનું વજન ૧૪૬૦ કિલોગ્રામ થયેલ હતું તેમજ અફીણનું વજન ૩૨૫ ગ્રામ જેટલું થયેલ હતું તેમજ આ આરોપીઓના ઘરેથી પણ ૨૫૬ ગ્રામ અફીણ તથા ૬૬ ગ્રામ ગાંજો મળી જેની કુલ કિંમત રૂા. ૩૨,૭૪,૪૦૬ (અંકે રૂપિયા બત્રીસ લાખ ચુમોતેર હજાર ચારસો છ પુરા) નો મુદામાલ મળી આવતા પોલીસના હેડ કોન્સ. મધુભાઈ નથુભાઈ પોપટે તા. ૬/૩/૨૦૨૧ ના રોજ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી.

આ બનાવ બાબતે તા. ૫/૩/૨૦૨૧ તથા તા. ૬/૩/૨૦૨૧ ના રોજ પોલીસ ઈન્સ.પ્રસાદે આ કામના આરોપીઓની શીરવાણીયા મુકામે આવેલ વાડીમાંથી ૧૪૬૦ કિલોગ્રામ ગાંજાનું વાવેતર પકડી પાડેલ હતું તેમજ તા. ૧૦/૩/૨૦૨૧ ના રોજ પોલીસ ઈન્સ. ડાંગરવાલાએ આ કામના આરોપીઓના ઘરેથી ગાંજો તથા અફીણ પકડી પાડેલ હતું અને એ વિગતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એકટની કલમ– ૧૫(સી), ૧૭(બી), ૧૮(બી), ૨૦(એ)(૧),૨૦(બી)(૨)(એ),૨૯(૧) મુજબની ફરિયાદ નોંધાવેલી હતી અને ત્યારબાદ પોલીસે આ કામે સઘન તપાસ કરીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ હતું. ત્યારબાદ આ કામે

## પાના ૮ ઉપરનું ચાલું આરોપીઓનો નિર્દોષ છુટકારો

અમરેલીની સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ સમક્ષ આ કેસ શરૂ થયેલ હતો.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે કુલ ૨૪ સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા જેમાં પોલીસ અધિકારી તથા નકશો બનાવનાર સરકારી સાહેદ તથા પી.જી.વી.સી.એલ.ના અધિકારી તથા તોલમાપ અધિકારી તથા ફોટોગ્રાફર/ વિડીયોગ્રાફર તથા મામલતદાર તથા સ્થળ તપાસ કરનાર એફ.એસ.એલ. અધિકારી તથા ગાંજાનું તથા ગાંજાના છોડનું તથા અફીણનું પરિક્ષણ કરનાર એફ.એસ.એલ. અધિકારી વિ.ને આ કામે બચાવપક્ષે ફરિયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

તેમજ આ કામે ઉપરોકત સાક્ષીઓની જુબાનીમાં માપણીશીટ, વિજકનેકશનના બીલો તથા રેવેન્યુ રેકર્ડના ઉતારાની નકલો તથા ગાંજાના વાવેતરની વિડીયોગ્રાફીની ડી.વી.ડી. તથા ગાંજાના વાવેતરના ૩૨ ફોટોગ્રાફ તથા બનાવ સ્થળે ગાંજાનું વાવેતર થયેલ છે તે અંગેનો એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ તપાસણીનો રીપોર્ટ તથા જે વાવેતર આરોપીઓએ વાડીમાં કરેલ તે છોડવા ગાંજાના છે તથા કબ્જે કરેલ મુદામાલ અફીણ છે તે અંગેનો એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ તથા બાયોલોજી પરિક્ષણ અહેવાલ તથા આ મુદામાલનો સરકારી અધિકારીઓએ કરેલ પરિક્ષણ અહેવાલ તથા તોલમાપ અધિકારીએ વજન કરેલ તે અંગેનો અહેવાલ તથા કોલ ડીટેઈલ્સ આ કામે ફરિયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા માટે રજુ કરેલ હતા.

તેમજ પોલીસ તપાસ દરમિયાન આ કામે ૩ સાક્ષીઓના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ લેવાયેલ નિવેદનો પણ રજુ કરવામાં આવેલ હતા.

આ કામે પુરાવા દરમિયાન પોલીસ તરફથી રજુ કરવામાં આવેલ ફરિયાદ તથા ચાર્જશીટની વિગતે આ કામના આરોપીઓએ આર્થિક લાભ મેળવવા પુર્વ આયોજીત કાવતરૂ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર રીતે ગાંજાના છોડનું વાવેતર કરી તેમાંથી મોટા જથ્થામાં ગાંજાનું તથા અફીણનું ઉત્પાદન કરેલ હોય તે અંગે કુલ રૂા.૩૨,૭૪,૪૦૬ (અંકે રૂપિયા બત્રીસ લાખ ચુમોતેર હજાર ચારસો છ પુરા) નો મુદામાલ કબ્જે લીધેલ હોય તે બાબતનો પુરાવો સરકાર તરફે ચાલુ કેસ દરમિયાન રજુ કરવામાં આવેલો.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ કાયદાની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેમજ પોલીસ તરફથી તપાસ દરમિયાન આરોપીની વાડી તથા મકાનમાં તેઓનો કબ્જો હોવાના આધાર પુરાવા મેળવીને તે અંગેનો કેસ સાબીત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. તેમજ આ કાયદાની કલમ–૫૨(એ) તથા ૫૭ ની વિગતે આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેમજ કબ્જે કરેલ મુદામાલ કે જે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ તે બાબતે પણ રેકર્ડ પર વિરોધાભાસ આવેલ હોય તે સંજોગો ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ આરોપી પક્ષ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તરફથી રજુ કરવામાં આવેલા તેની હકીકત તથા તેમણે એન.ડી.પી.એસ. એકટની આદેશાત્મક જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરિયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય. આ કામના આરોપીઓ વિઠ્ઠલભાઈ કાનજીભાઈ તલાવડીયા તથા રામજીભાઈ કાનજીભાઈ તલાવડીયા તથા પરશોતમભાઈ કાનજીભાઈ તલાવડીયાને અમરેલીની સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ ના જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં મુખ્ય આરોપીઓ નં. ૧ તથા ૨ તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા આરોપી નં. ૩ તર્ફે કે.એમ. મહેતા રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર કોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૪૨ | ૫૫૦ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૮૪૫ |
| ૫ | એરંડી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૬ | ચણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૭ | જુવાર | ૭૫૦ | ૭૫૦ |
| ૮ | મગફળી | ૫૬૬ | ૯૩૯ |
| ૯ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૫૧ | ૧૫૫૨ |
| ૨ | ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ૩ | સોયાબીન | ૮૪૭ | ૮૪૭ |

# લીલીયા મોટા હોમગાર્ડ જવાનો દ્વારા ''સ્વચ્છતા હિ સેવા'' અભિયાન યોજાયુ






જિલ્લા હોમગાર્ડ કમાન્ડર રોહિતભાઈ મહેતાના સુચના અને તાલુકા હોમગાર્ડ કમાન્ડર શરદભાઈ સાપરિયાના માર્ગદર્શન તળે સ્વચ્છતા હિ સેવા અભિયાન યોજાયું જેમાં લીલીયા મોટા ખાતે આવેલ સ્મશાનમાં હોમગાર્ડ જવાનો દ્વારા સ્વચ્છતા હિ સેવા અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન યોજવામાં આવેલ જેમાં લીલીયાના તમામ હોમગાર્ડ જવાનો દ્વારા સ્મશાન સફાઈ અભિયાન યોજવામાં આવેલ આ સ્વચ્છતા અભિયાન હોમગાર્ડ જવાનો દ્વારા યોજાતા લીલીયા ગ્રામજનો દ્વારા હોમગાર્ડસની કામગીરીને બિરદાવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## છેલ્લા ૩ વર્ષથી સરકાર તરફથી હકારાત્મક કોઈ નિર્ણય ન લેવાતા

# અમરેલી જિલ્લામાં રેશનીંગ દુકાનધારકોમાં રોષની આંધી

નવરાત્રિનાં તહેવારોમાં જ રેશનિંગ દુકાનધારકોએ આંદોલન શરૂ કરતાં ગરીબ પરિવારોને ઘરનો ચુલો સળગાવો મુશ્કેલ

અમરેલી જિલ્લા ઉપરાંત રાજયભરનાં રેશનિંગ દુકાનધારકો રજુઆત કરીને થાકયા છતા સરકાર ન્યાય કરતી નથી

સરકાર તરફથી ગરીબોને અનાજ તો મફત અપાઈ રહ્યું છે પરંતુ વિતરણ કરનારને પુરતુ વેતન મળતું નથી

વ્યાજબી માંગ પુર્ણ ન થાય તો રાજ્યનાં દુકાનધારકો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન આગળ વધારશે













અમરેલી, તા.૫

સમગ્ર અમરેલી જીલ્લા સહિત રાજયભરના સસ્તા અનાજના વેપારીઓ ગત ૧ થી અચોક્કસ મુદ્દતની હડતાલ ઉપર ઉતરી જતા ગરીબ કાર્ડધારકોને અનાજ મળવા ઉપર પ્રશ્નાર્થ સર્જાયો છે. બીજી તરફ ફેર પ્રાઈઝ શોપ એસો.ના આગેવાનોએ તંત્ર સાથે ગાંધીનગરમાં બેઠક કરી હતી. પરંતુ યોગ્ય પ્રતિસાદ ન મળતાં અને કમીશન વધારવા, અને મીનીમમ ૩૦૦૦૦ કરવા બાબતની મડાગાંઠ યથાવત રહી હતી.

અમરેલી તાલુકા અને જીલ્લા ફેર પ્રાઈઝ શોપ્સ એસો.ના આગેવાનોએ જીલ્લા કલેકટર અજય દહીયાને તેમજ તમામ ૧૧ તાલુકા મામલતદારને રજૂઆત કરી આવેદનપત્ર આપ્યું હતું. ઉપરોકત આવેદનમાં અમરેલી જીલ્લા ફેર પ્રાઈઝ એસો.ના મીડીયા સંયોજક સંજય મકવાણાએ જણાવ્યું હતું કે, હાલ કારમી મોંઘવારીના સમયમાં એકતરફ પરીવારનુ ગુજરાન કરવુ ત્થા પોતાના બાળકોના શિક્ષણ પાછળ મસમોટા ખર્ચાઓ થતા હોય છે. સામે સરકાર દ્વારા મીનીમમ ૨૦૦૦૦ જેટલુ નજીવુ કમીશન આપવામા આવે છે જેમાથી આશરે ૮૦૦૦ તોલાટના, ૬૦૦૦ કોમ્પ્યુટર ઓપરેટર, ૫૦૦૦ દુકાનભાડુ, લાઈટબીલ, ૧૦૦૦ સ્ટેશનરી ખર્ચ વગેરે બાદ કરતા દુકાનદારોને શુન્ય જ રહે છે એટલે ૩૦૦૦૦ મીનીમમ અને પ્રતિ કીલોગ્રામ રૂપિયા ૩ કમીશન કરવામાં આવે તો જ દુકાન ચલાવવી પરવડે એમ હોય ત્યારે અમરેલી તાલુકા અને જીલ્લા ફેર પ્રાઈઝ શોપ્સ એસોસિયેશનને ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એસોસિયેશન સાથે જોડાયેલું હોય માટે એસો.ના એલાનની સાથે જ છીએ જે કંઈ નિર્ણય એસો. લેશે તે નિર્ણય મુજબનો જ નિર્ણય રહેશે. બીજી તરફ અમરેલી સહિત રાજયભરની તમામ સસ્તા અનાજની દુકાનો છેલ્લા ચાર દિવસથી સજ્જડ બંધ છે. ત્યારે હાલ રાશનકાર્ડ ધારકો તહેવાર નિમિત્તેનો જથ્થો લેવા દુકાને જાય છે. પરંતુ બંધ હોવાથી રઝળ પાટ થતી હોવાની વિગતો મળી છે. અને આવનારા દીવસોમા દશેરાને દીવાળી જેવા મહત્વના તહેવારો આવતા હોય સરકાર દુકાનદારોના પ્રશ્નનો યોગ્ય નિરાકરણ લાવશે એવી લોકો માંગણી ઉઠી છે.

### જાગૃત નાગરિકની ધારાસભ્ય અને સાસંદ પાસે અપેક્ષા

## સાવરકુંડલાની સરકારી કચેરીઓમાંથી પેઘી ગયેલ કર્મચારીઓની અન્યત્ર બદલી કરો

### જનહિતમાં બદલી પ્રક્રિયા શરૂ કરવા માંગ

સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેર તાલુકાની તમામ કચેરીઓમાંથી ત્રણ વર્ષથી વધુ સમયથી જે કર્મચારી અધિકારી ફરજ બજાવતાં હોય કે એક થી વધુ વખત પુન : નિયુકિત પામેલાં હોય આવાં કર્મીઓ અધિકારીઓને તાત્કાલિક બદલવાં વર્ગ ૧ નાં અધિકારીઓ પદાધિકારીઓ સક્રિય થાય તે જાહેર જતનામાં હિતમાં છે. અને લાંચીયા લાગવગીયા પોતાનું સ્થાન ટકાવવા અધિકારી પદાધિકારીને ગેરમાર્ગે દોરનારાઓ જે પરિવારો છે તે રીતે રવાના થાય તે અરજદારોનાં હિતમાં જરૂરી છે. હાલ શહેર તાલુકાની જનતા તમામ કચેરીઓથી ત્રસ્ત થઈ ગયેલ છે, પારાવાર પ્રશ્નોની પારવાર યાતનાઓ ભ્ભોગવી રહેલ છે, તેમાં ઘણી રાહત થશે તેમ વીજપડીનાં પુર્વ સરપંચ યાકુબ રસભર્યાએ એક નિવેદનમાં જણાવેલ છે. દા.ત. વિજપડી પી.એચ.સીમાંગથી સી.એચ.સી. કરવાની કાર્યવાહી થઈ સ્ટાફ બદલયો પરંતુ કોણ ન બદલાયું ? કેમ ન બદલાયું ? આવી જ રીતે સાવરકુંડલાની સરકારી કચેરીઓમાં વર્ષોથી કોણ પડગયું પાથર્યુ રહે છે, તમામ કચેરીઓમાંથી જુના કર્મચારીઓ અધિકારીઓ જશે તો જ લાંચીયા લાગવગીયાઓની સાંઠગાંઠની લીંક તુટશે, અરજદારોને જે તકલીફો પડે છે તે ઘણી હળવી થશે. તેમજ આવનારા કર્મચારીઓ અધિકારીઓને જુના પેઘીગએલાં જ મીસગાઈડ કરવામાં અગ્રેસર હોય છે. આવાં જુના કર્મચારીઓ સ્થાનિક સ્થિતીની માહિતનાં નામે નવાને ગેરમાર્ગે દોરે છે. લાંચીયા, લાગવગીયાઓ દલાલોની મુલાકાત કરાવે છે. આમ કેટલાક જુના કર્મીઓ માહિતીનાં બહાને હિંમત આપી લાંભ રૂશ્વતની યાદી તરફ વાળવાં પ્રોત્સાહિત કરે છે.

વર્ષો પહેલાં ભૂતકાળમાં ખાંભા ઈધરીમાં મુકાએલાં એક લાંચીયા લાગવગીયા દેખાવમાં કડક કર્મચારીની નિમણુંક પછી ખાંભામાં ગમતું નહીં, સાવરકુંડલામાં સરળ વ્યવસ્થા ગોઠવાયેલી જે વારંવાર પીડા આપની હતી જેથી પોતાનામાં બીમાર છે, તેની સેવા ચાકરી દેખભાળ કોણ કરે ? એવી રજુઆત કરી એક પૂર્વ સાસંદની મીઠી નજર હેઠળ અધિકારીએ ફરી સાવરકુંડલા નિમણુંક કરી હજુમાં હયાત છે, માં પરિવાર સાથે ખાંભા હેડકવાટરમાં રહેવું જોઈએ. તેવી સુરક્ષા આપવાનાં બદલે સાવરકુંડલા પુન : નિયુકિત થઈ ગયેલ આવાં પરિબળો કોઈ જવાબદારનાં એવા કાર્યાલયમાં કાર્યારત હોય જવાબદારનાં સેવા કાર્યાલયમાં કાર્યરત હોય તો શું ઉકાળે ? જુની લીંક પુન : જીવીત થાય, કિન્નાખોરી દાખવે એવું પણ બને સાવરકુંડલામાંથી કેટલાકની બદલી થાય તો પણ કેમ થાય ? તે પણ સમજવાં જેવી બાબત છે.

## ધજડી ખાતે ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે મહાત્મા ગાંધી જયંતિના દિવસે સ્વચ્છતા અભિયાન અને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું. ગ્રામ પંચાયત દ્વારા વિકાસના કામોની રજુઆત કરવામાં આવી ગ્રામ સભામાં તાલુકામાંથી એ ટીડીઓ જીગ્નેશભાઈ વાઘાણી તલાટી મંત્રી શાળા શિક્ષકો ગ્રામ પંચાયત ગ્રામજનોએ હાજરી આપી હતી. આ તકે સરપંચ ભરતભાઈ ધડુક દ્વારા ગામને સરકાર તરફથી તમામ યોજનાની ખૂબ સારી સુવિધા પ્રાપ્ત થાય એવી અધીકારી સમક્ષ રજુઆત પણ કરવામાં આવી હતી.

## અમરેલી : સેવા નિવૃત થતાં ચંદ્રસિંહ પરમારનો વિદાય સમારંભ યોજાયો



અમરેલી, તા. ૫

પોલીસ માંથી સેવા નિવૃત થતા ચંદ્રસિંહ પરમારનો શશાંક મહાજન પાર્ટી પ્લોટમાં મિત્રો અને સ્નેહીઓ દ્વારા વિદાય સમારંભનું આયોજન થયું જેમાં રાજપુત સમાજના અગ્રણી સુધીરસિંહ ચુડાસમા, હકુભાઈ ચૌહાણ, ધીરૂભાઈ ત્રિવેદી, જાની દાદા, બાબુભાઈ મકવાણા, શંભુભાઈ માલકીયા, સભાઈ દીપરાજસિંહ, ચુડાસમા લાલભાઈ દુધવાળા, કડલભાઈ ગેરેજવાળા ઉપસ્થિત રહયા અને ચંદ્રસિંહની સેવા અને બિરદાવી શ્રીફળ પડો આપી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

## ચાંદગઢમાં શ્રી રાજબાઈ માતાજીના મંદિરે (મઢે) નવરાત્રિની ઉજવણી

અમરેલી, તા. ૫

દરવર્ષની માફક આ વર્ષે પણ અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે શ્રી રાજબાઈ માતાજીના મંદિર તા. ૩/૧૦/૨૪ સુધી ગરબી છંદબોલી બાળાઓ બહેનો દ્વારા નવ દિવસ ગરબે ઘુમી માતાજીની આરાધના કરે છે. બહેનો બાળાઓને દાતા તરફથી નાસ્તો પણ અપાય છે. પુજારી રમેશભાઈ તેરૈયાના જણાવ્યા અનુસાર માતાજીનાં છંદ ગરબી બહુજુની પ્રચલિત છે તે ગવાય છે. સાથે હનુમાન દાદાનો ગરબો પણ ગવાય છે. હરિજન વાસમાં પણ જાદવ પરિવારા રાત્રીની ઉજવણી કરશે તેમ ચાંદગઢના પત્રકાર ગીરીશભાઈ ઠાકરની યાદી જણાવે છે.

### ગોપાલભાઈ વસ્તરપરાએ કચ્છ રૂબરૂ જઈને વિનંતી કરી

## ચમારડી ખાતે મહાનુભાવોની પ્રતિમા સ્થાપન કાર્યક્રમને લઈને સાંસદ ચાવડાને આમંત્રણ

### અનેક રાજકીય અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૦૫

બાબરાનાં ચમારડી ગામે આગામી ૩૧ ઓકટો. સરદાર જયંતીનાં દિને રાજકી અને સામાજિક દિવગંત મહાનુભાવોની પ્રતિમા સ્થાપન સહિતના કાર્યક્રમનુ આયોજન ચમારડીનાં વતની ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા કરવામાં આવેલ છે.



આ કાર્યક્રમને લઈને કચ્છના સાંસદ વિનોદ ચાવડાને પણ રૂબરૂ આમંત્રણ પાઠવામાં આવ્યું છે. તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ આમંત્રણ પાઠવવામાં આવશે તેમ ગોપાલભાઈ વસ્તરપરાએ જણાવ્યું હતું.

### જમીનનું દબાણ દૂર કરવા માટે

## બગસરા : માવજીંજવા ગામનાં યુવક ઉપર ૨ ઈસમોનો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૫

બગસરા તાલુકાના માવજીંજવા ગામે રહેતા બીપીનભાઈ નનુભાઈ પાઘરા નામનાં ૩૫ ખેડૂત યુવકે આજથી આશરે એકાદ મહિના પહેલા માવજીંજવા ગામની જમીનનું દબાણ દુર કરાવેલ હોય. તે વાતનું મનદુ:ખ રાખી તા. ૪ના રોજ બપોરના આશરે ૩ વાગ્યે માવજીંજવા ગામે કે.લાલ હાઈસ્કુલ પાસે તે જ ગામે રહેતા આરોપી દિવ્યેશગીરી ઉર્ફે લાલો ગોસાઈએ ખેડૂત યુવક સામે મૂંછો મરડવા લાગેલ અને જાહેરમાં અશ્લીલ શબ્દો ખેડૂત યુવકને જોઈને બોલવા લાગેલ. જેથી તેમને આવુ બોલવાની ના પાડતા આરોપીએ એકદમ ઉશ્કેરાઈ જઈ તથા આરોપી કુલદીપપરી ગોસાઈ, શૈલેષપરી ગોસાઈ સાથે મળી ખેડૂત યુવકને મુંઢમાર મારતા અને અન્ય લોકોને પણ મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# લીલીયા મોટા ખાતે લાયન્સ કબલ ઓફ અમરેલી દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો



સામાજીક પ્રવૃતિ અંતર્ગત અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર ઉમિયા માતાજીના મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ લાયન્સ કબલ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી બારમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૩-૧૦-૨૦૨૪ને ગુરૂવારના સવારે ૯ - ૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત દ્વારા કરવામાં આવેલ હતું. અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાંત ડો. કનનબેન સેદાણી અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૭૯ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૭ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતાં. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૨૨ વ્યકિતઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. નિયમિત રીત ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલાં ગુરૂવારે આંખના નિષ્ણાંત ડોકટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, ગોબરભાઈ ધામત લાયન્સ કબલ ઓફ અમરેલી (સીટી) તરફથી પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ.પટેલ, લાયન રમેશભાઈ ગોલ, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય, પ્રકાશભાઈ આચાર્ય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ અને નિલેશભાઈ ભીલની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી જણાવે છે.




## ભાજપનાં આગેવાનો નિવેદન આપે ને કોંગી નેતાઓએ રેલી કાઢી

# ધારી પંથકમાં ઈકો સેન્સિટિવ ઝોનને લઈને રોષની આંધી

વિપક્ષી પૂર્વ નેતા પરેશ ધાનાણીની આગેવાનીમાં સરપંચોની મુલાકાત કરવામાં આવી

તાલુકા કોંગ્રેસની આગેવાનીમાં મૌન રેલી સ્વરૂપે મામલતદારને આવેદપત્ર પાઠવાયું

ઈકો સેન્સિટિવ ઝોનનો કાળો કાયદો રદ ન થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી

નાયબ દંડક કૌશિક વેકરિયાએ રાજ્યનાં વનમંત્રી મુળુભાઈ બેરા સાથે વાતચીત કરી







અમરેલી, તા. ૫

ઈકોસેન્સિટિવઝોનનેલઈને રાજકીયમાંધાતાઓદ્વારાવિરોધનાસુર ઊઠયાછે. ત્યારેગીરસોમનાથ, જુનાગઢ અનેઅમરેલીજિલ્લાના૨૦૦ઉપરાંતના ગામડાઓનેગંભીરઅસરનેલઈનેઆજે ધારીગીરનાખેડૂતો, સરપંચોઅનેકોંગ્રેસ પક્ષનાનેતાઓદ્વારાધારીમામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્ર પાઠવવા અગાઉ પૂર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીએ પણ ખેડૂતો, સરપંચોની મુલાકાત લીધી હતી અને ગ્રામીણ ગામડાઓ અને ખેડૂતોને બચાવવામાટે કોંગ્રેસપક્ષધારીતાલુકાને બચાવવા આગળ આવી હતી. જે રાજકીય નહિ પણ બિન રાજકીય આંદોલન શરૂ થાય તેવી શીખ પરેશ ધાનાણીએઆપેલહતી.

આજેધારીખાતેકોંગ્રેસસાથે ખેડૂતોએમૌનરેલીસ્વરૂપેમામલતદારને આવેદનપત્ર પાઠવીનેકાળોકાયદોરદ

**અનુસંધાન પાના ૬ ઉપર**




## સિનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

# બાબરાનાં શીરવાણીયા ગામની વાડીમાં ઝડપાયેલ ૩૨ લાખનાં ગાંજાનાં વાવેતર કેસનાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

સ્પે. એનડીપીએસ કોર્ટનાં જજશ્રી ડી.એસ. શ્રીવાસ્તવે નિર્દોષ છોડવા હુકમ કર્યો



અમરેલી, તા. ૫

આ બનાવની વિગતો જોવામાં આવે તો તા. ૫//૩/૨૦૨૧ના રોજ બાબરા તાલુકાના શીરવાણીયા ગામની લીંબડીયા જવાના રસ્તે આવેલ સીમની વાડી કે ખેતર જેના જુના સ.નં. ૪૦/૨તથાનવાસ.નં. ૧૪૦તથા૧૪૧ વાળી માલીકીની જમીનમાં આ કામના આરોપીઓ વિઠ્ઠલભાઈ કાનજીભાઈ તલાવડીયા તથા રામજીભાઈ કાનજીભાઈ તલાવડીયા તથા

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)